રા.મ.ન.પા./ઓડીટ/જા.નં. ૬૨

તારીખ : ૦૬-૦૯-૨૦૧૪

પ્રેષક : બી. વી. મારૂ
ચીફ ઓડીટર

ધી બોમ્બે પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમ ૧૦૬ : ૩ અન્વયે તા. ૧/૪/૨૦૧૦ થી ૩૧/૩/૨૦૧૨ નો વાર્ષિક ઓડીટ રીપોર્ટ આ સાથે મોકલાવેલ છે. જે ચેરમેન શ્રી સ્ટેન્ડીંગ કમિટિ સમક્ષ આગળની કાર્યવાહી માટે રજુ કરવા વિનંતી છે.

ઓડીટ રીપોર્ટની એક નકલ કમિશ્નરશ્રીને મોકલવામાં આવેલ છે.

ચીફ ઓડીટર
રાજકોટ મહાનગરપાલિકા

બિડાણ :-
પાના નં. ૧ થી ૧૦૪

પ્રતિ,
સેક્રેટરીશ્રી,
સ્ટેન્ડીંગ કમિટિ,
રાજકોટ મહાનગરપાલિકા

નકલ સાદર :-

- કમિશ્નરશ્રી,
  રાજકોટ મહાનગરપાલિકાને જાણ તેમજ છપાવીને પ્રસિદ્ધ કરી અમલવારી કરવા સારુ.
- મેયરશ્રી,
  રાજકોટ મહાનગરપાલિકાને જાણ સારૂ.

સ્ટે.ક.ઠ. નં. ૨૭૦ પરિપત્ર નં. ૧૪

# ઠરાવ

ધી બી. પી. એમ. સી. એકટની કલમ–૧૦૬:૩: અન્વયે સને ૨૦૧૦–૧૧ તથા ૨૦૧૧–૧૨ની સાલના વાર્ષિક ઓડિટ રિપોર્ટ પત્ર નં.–૬૩ તા. ૦૬–૦૯–૨૦૧૪થી મ્યુનિસિપલ ચીફ ઓડીટરશ્રીએ રજુ કરેલ છે.

મ્યુનિસિપલ ચીફ ઓડીટરશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ ઓડિટ રિપોર્ટમાં જે વાંધા સૂચનો દર્શાવવામાં આવેલ છે. તે ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી તાત્કાલિક કરવા અને બિલો બાબતે લેવાયેલ વાંધાઓની નિયમિત પૂર્તતા કરવા સબંધક અધિકારીઓને સૂચના આપી ઘટીત કાર્યવાહી કરાવવા તથા કરવામાં આવેલ કાર્યવાહી સહીત ઓડિટ રિપોર્ટ કમિશ્નરશ્રીએ જનરલ બોર્ડમાં જાણ માટે રજૂ કરવો.

ઓડિટ રિપોર્ટમાં દર્શાવ્યા મુજબ કેટલાક કિસ્સામાં મંજુર કરવામાં આવેલ રકમ કરતા વધુ રકમનું ખર્ચ થવા પામેલ છે અને કેટલાંક કિસ્સામાં નિધરિલ ઉપજ સામે કોઇ આવક થયેલ નથી અંદાજપત્રીય અનિયમિતતાઓ ઉદ્‌ભવેલ છે. તેવું ન બનવા પામે તે જરૂરી છે.

આ ઉપરાંત મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિની જાણકારી માટે મહાનગરપાલિકાની જવાબદારીઓ અને આવશ્યકતાઓનું પત્રક તૈયાર કરાવવું તેમજ અહેવાલમાં દર્શાવેલ અનિયમિતતાઓ તાત્કાલિક ધોરણે દૂર કરવા અને હવે પછી તેનું પુનરાવર્તન ન થાય તે જોવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

સને ૨૦૧૦–૧૧ તથા સને ૨૦૧૧–૧૨ની સાલના ઓડિટ રિપોર્ટ કરવામાં આવેલ તમામ કાર્યવાહી સહીત છપાવી, પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ કરવી.

તારીખ : ૨૧–૧૦–૨૦૧૪

સર્વાનુમતે મંજુર

નિતીન ભારદ્વાજ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટિ
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## ઓડીટ અહેવાલ

## ❖ અનુક્રમણિકા ❖


| વિભાગ | પ્રકરણ | કુલ પારા | વિગત | પાના નંબર |
|---|---|---|---|---|
| (૧) | - | - | પ્રસ્તાવના | ૧ થી ૩ |
| | ૧ | - | પ્રારંભિક (કચેરીની માહિતી) | ૪ થી ૫ |
| | ૨ | ૬ | નાણાંકીય પરિસ્થિતિ | ૬ થી ૭ |
| | | ૧ | અંદાજ પત્રકીય અનિયમીતતાઓ | ૮ થી ૧૭ |
| | | ૧ | બાકી ઓડીટ પારાઓની પૂર્તતા અંગે | ૧૮ થી ૨૦ |
| (૨) | ૩ | ૮ | મહત્વની તથા સામાન્ય અનિયમીતતાઓ | ૨૨ થી ૩૬ |
| | ૪ | ૬ | પ્રોવિઝનલ પાસ કરેલ બીલોની પૂર્તતા કરવા બાબત | ૩૮ થી ૪૩ |
| | ૫ | ૧ | અટકાવેલ સંભવીત ઓવર પેમેન્ટ | ૪૪ થી ૯૯ |
| | કુલ | ૨૩ | | |
| (૩) | | | પરિશિષ્ટ | |
| | ૧ | - | સસ્પેન્સ એડવાન્સ પત્રક | ૧૦૦ |
| | ૨ | - | મકાન વેરા વસુલાત અને બાકીના પત્રકો | ૧૦૧ થી ૧૦૪ |

# પ્રસ્તાવના :

ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૧૦૬ (૩) અન્વયે રાજકોટ મહાનગરપાલિકાનો સને ૨૦૧૦-૧૧ થી ૨૦૧૧-૧૨ ના હિસાબો ઓડીટ કર્યા સંબંધેનો આ ૩૧મો વાર્ષિક ઓડિટ અહેવાલ ચેરમેનશ્રી સ્થાયી સમિતીશ્રી સમક્ષ સાદર કરવામાં આવે છે.

આ અહેવાલ ત્રણ વિભાગમાં વહેચાયેલ છે :-

૧. પ્રથમ વિભાગમાં કોર્પોરેશનની નાણાકીય સ્થિતિ, વાર્ષિક હિસાબ ઉપરનું વિવરણ તેમજ અગાઉના બાકી રહેલાં ઓડીટ પારાઓની વિગતો આવરી લીધેલ છે.

૨. બીજા વિભાગમાં પુનરાવર્તિત અનિયમિતતાઓ તરફ ધ્યાન દોરીને કાયદાના ઠરાવ કે નિયમ વિરૂદધના થયેલ કાર્યો/ચુકવણીઓ, સતાનો અનુચિત ઉપયોગ તેમજ ઓડીટ અંકુશથી સંભવિત આર્થિક નુકશાન (ઓવર ડ્રોઅલ) થતું અટકાવવાના નમુનારૂપ કિસ્સાઓ વિ. નો સમાવેશ કર્યો છે.

૩. જયારે ત્રીજા વિભાગમાં પુરક માહિતી સ્વરૂપે વિવિધ પરિશિષ્ટો આપ્યા છે, અહેવાલ બિનજરૂરી વિસ્તૃત ન થાય તે હેતુથી સામાન્ય વાંધાઓનો આમાં સમાવેશ કરેલ નથી. ઓડીટ રીપોર્ટમાં દર વખતે અગત્યની અને ગંભીર અનિયમીતતાઓ કોર્પોરેશનના ઉચ્ચ સતાધીશોના ધ્યાન ઉપર લાવવા પ્રયત્નો કરવામાં આવે છે. આ રીપોર્ટ રજુ કરીને આવી અગત્યની અને ગંભીર ક્ષતિઓ ફરીથી પુનરાવર્તિત ન થાય તે આશયથી અમુક કિસ્સાઓ ધ્યાને મુકવાનું હું ઉચિત સમજુ છું.

(૧) ઓડીટ રીપોર્ટ ઉપર ચર્ચા થવી જરૂરી અને અનિવાર્ય છે, આ ચર્ચા કમિશ્નરશ્રીની હાજરીમાં અધિકારીઓને હાજર રાખીને કરવામાં આવે તો એકની એક ભૂલો વારંવાર પુનરાવર્તિત ન થાય તે મૂળ આશય છે, અગાઉના ઓડીટ રીપોર્ટમાં દર્શાવેલ વાંધાઓની પૂર્તતા બિલકુલ થયેલ નથી એટલે કે ઓડીટે સુચવેલ અનિયમિતતાઓની જાણે અજાણે ઉપેક્ષા થઇ રહેલ છે, જે કોર્પોરેશન માટે તંદુરસ્ત પ્રણાલી ગણી શકાય નહી. અગાઉના અહેવાલોમાં પ્રતિ વર્ષ જે વાંધાઓ લેવાયેલા તેવી જ અનિયમિતતાઓ/ક્ષતિઓ ચાલુ રહેલી જોવા મળેલ છે, જેની વિગત વિભાગ-૨, પ્રકરણ-૩ ના ''પુનરાવર્તિત અનિયમીતતાઓ'' ના પારામાં દર્શાવી છે, મહાનગરપાલિકામાં ઓડીટની ઉપેક્ષા ચાલુ સાલે ચાલુ રહેલ છે, જે ગંભીર બાબત છે.

(૨) વિભાગ - ૧ પ્રકરણ-૨માં કોર્પોરેશનની આર્થિક સ્થિતિનું વિવરણ થયુ છે, જે વંચાણે લેતા જણાશે કે, કોર્પોરેશનના કેટલાક ખર્ચ અંદાજપત્રની મંજુર રકમ કરતાં વધુ થયેલો માલુમ પડ્યો છે. કેટલાક આવકના સદરોમાં નિધરિલ રકમ કરતા ઘણી જ ઓછી રકમ આવેલ છે. જેથી અંદાજપત્રીય અનિયમીતતાઓ ઉદભવી છે, આમ કોર્પોરેશનમાં બજેટને વધારે મહત્વ આપવામાં આવતું નથી. ખર્ચ પાડવાના ઉદેશથી બિનજરૂરી ઘણાં જ કામો દર્શાવીને બજેટ મોટું દર્શાવવામાં આવે છે અને ત્યારબાદ બજેટની સીલીંગમાં રહીને અમુક કામોને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે, જે તંદુરસ્ત પ્રણાલી ગણી શકાય નહી. નહી વિચારેલ કામો માટે બીન જરૂરી મોટા સદરોમાં જોગવાઈ બતાવી પાછળથી વગફિર કરવામાં આવે છે. અને જે સદરે અધિક ખર્ચ થયો હોય ત્યાં આ રકમ સરભર કરવામાં આવે છે જે ગંભીર બાબત છે.

મિલકત વેરાની વસુલાત જુની આકારણી મુજબ થાય છે. વર્ષોથી સુધારેલ આકારણી યાદી તૈયાર ન થવાના કારણે કોર્પોરેશનને આવકનો વધારો ગુમાવેલ છે. આ અંગે ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

(૩) કોર્પોરેશનની જવાબદારીઓ તથા અસ્કયામતો કેટલી છે તે જાણવા સારૂ દર વર્ષે જવાબદારી અને અસ્કયામતોનું પત્રક તૈયાર કરીને રજુ કરવાનું સુચવવા છતાં હજુ સુધી તે અંગે અમલ થયો નથી, પરિણામે કોર્પોરેશનને લોન ડીબેન્ચરોનો નવો બોજ લેવો હોય ત્યારે સંસ્થાની સાચી આર્થિક સ્થિતિ જાણવાનું મુશ્કેલ બને છે.

(૪) અગાઉ ૧૭ શાખાની સસ્પેન્સ એડ.ની ઉપાડેલ રકમ રૂા.૪૧,૫૩,૪૫૦-૮૧ સરભર કરવાના બાકી છે. આજ સુધી કંઈ જ પ્રગતી થઈ નથી. તેમજ હિસાબી શાખા વારંવાર માંગવા છતાં માહિતી પૂરી પાડતી ન હોય, સાચી પરિસ્થિતિ જાણી શકાયેલ નથી, તેથી કમિશ્નરશ્રી કક્ષાએથી નોટીસ આપી ૧ મહિનામાં હિસાબો સરભર ન થાય તો જે તે શાખાધિકારીઓનો પગાર રોકવો.

(૫) વર્ષ દરમ્યાન જૂના ઓડીટ પારાઓના નિકાલ પરત્વે અગ્રતા આપવામાં આવતી નથી, જે પ્રત્યે ખાસ લક્ષ ખેચવામાં આવે છે, અત્રેથી લેખિતમાં સુચના આપવા છતાં એકપણ શાખાઓમાંથી વાંધાઓના જવાબ આવેલ નથી. જેથી પારાઓનો નિકાલ લાવી શકાયેલ નથી, શાખાના રૂટિન કામો સિવાય અધિકારીગણને બીજા અગત્યના કામોમાં જરાપણ રસ નથી, જે દેખાઇ આવે છે, જે સારી નિશાની નથી.

(૬) આ અહેવાલના વર્ષો દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબ સંભવિત આર્થીક નુકશાન (ઓવર ડ્રોઅલ) અસરકારક પ્રિ. ઓડીટ થકી અટકાવીને ઓડીટે કોર્પોરેશનની આર્થીક હીતની રખેવાળી કરી છે.

| વિગત | ૨૦૧૦-૨૦૧૧ | ૨૦૧૧-૨૦૧૨ |
|---|---|---|
| વર્ષ દરમ્યાન અટકાવેલ ઓવર પેમેન્ટની રકમ રૂા. | ૧૨,૯૭,૨૪૭/- | ૧૪,૦૨,૩૯૬/- |
| વર્ષ દરમ્યાન અમાન્ય કરેલ અને ત્યારબાદ શરતી પાસ કરેલ બીલોની રકમ રૂા. | ૨૦,૦૦૦/- | ૧૮,૩૪,૫૮૦/- |

(૭) ઓડીટ શાખાએ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વાર્ષિક હિસાબો ઓડીટ જા. નં.૮૨, તા. ૨૩-૧૧-૨૦૧૧ અને ઓડીટ જા. નં. ૯૧, તા. ૨૩-૮-૨૦૧૨ થી રજુ કરવા જણાવેલ. ત્યારબાદ અનેક સ્મૃતિપત્રો લખેલ, ફોન દ્વારા અને મૌખિક પણ યાદી આપેલ છે. તેમ છતાં ઓડીટ રીપોર્ટનું જે હાર્દ છે. તેવી માહિતી આજસુધી રજુ કરવામાં આવેલ નથી. આ કારણસર ઓડીટ રીપોર્ટ તૈયાર કરવામાં પણ વિલંબ થયેલ છે. આ ગંભીર બાબત ગણી શકાય. હવે પછી આ અંગે ગંભીરતા દાખવવામાં આવે અને ઓડીટ રીપોર્ટની વિગતો સમયસર રજુ કરવામાં આવે તે અંગે યોગ્ય સુચનાઓ આપવા વિનંતી.

(૮) ઓડીટ શાખાનું હાલનું મહેકમ તા.૧-૧-૮૨ની પરિસ્થિતિ મુજબ નજીવા ફેરફાર સાથે અસ્તિત્વમાં છે. સને ૧૯૮૨ બાદ કોર્પોરેશનની ફરજો અન્ય જવાબદારીઓમાં ઉતરોતર ઘણો જ વધારો થયેલ

છે. ડ્રેનેજ યોજના ફેઇઝ ૩ તથા કેન્દ્ર સરકારની / રાજય સરકારની જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન તથા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તેમજ લોક ભાગીદારી પ્રોજેકટો તથા અન્ય વિકાસ કાર્યો વગેરે કામગીરીમાં ખુબ જ વધારો થયેલ છે કોર્પોરેશનની અન્ય શાખાઓનું સ્ટાફ સેટઅપ સુધારવામાં આવેલ છે. અને નવી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. ત્યારે ઓડીટ શાખાનું મહેકમ યથાવત રાખવામાં આવેલ છે.

ઓડીટ શાખામાં મહેકમમાં હાલ કુલ ૫૬ જગ્યાઓ મંજુર થયેલ છે. જે પૈકી પટાવાળાની આઠ જગ્યાઓ હંગામી છે. મંજુર થયેલ મહેકમ પૈકી કલેરીકલ સ્ટાફની તા. ૩૧-૩-૨૦૧૨ના અંતે ૬૧% જગ્યાઓ ખાલી પડેલ છે. આમ કલેરીકલ સ્ટાફની ૪૧ જગ્યાઓ પૈકી ૨૫ જગ્યાઓ ખાલી છે. ભરાયેલ જગ્યાઓમાં કુલ ૨૭ માં ૧૧ પટાવાળાનો સમાવેશ થાય છે. આમ માત્ર ૧૬ કર્મચારીઓથી જ ઓડીટ કાર્ય ચલાવવામાં આવે છે. જેનાથી માત્ર રૂટીન ઓડીટ ચકાસણી થઇ શકે છે. જેથી આવક સાઇડનું ઓડીટ કાર્ય હાથ પર લઇ શકાયેલ નથી. ઓડીટ શાખાએ વખતો વખત ત્રિમાસિક ઓડીટ રીપોર્ટ સ્ટેન્ડીંગ કમીટી સમક્ષ નીયમીતપણે સમયસર રજુ કરેલ છે.

અપુરતો સ્ટાફ હોવા છતાં કોર્પોરેશનમાં પ્રિઓડીટ પ્રથા અસ્તિત્વમાં હોય ખર્ચ બાજુનું ઓડીટ કરેલ છે. તદ્ઉપરાંત કમિશ્નરશ્રી તથા અન્ય શાખાઓના વડાઓ તરફથી અભિપ્રાય અને માર્ગદર્શન માટે રજુ થયેલ સંખ્યાબંધ કિસ્સાઓમાં અભિપ્રાય આપીને સંભવિત અનીયમીતતાઓ અટકાવેલ છે. તેમજ બી.પી.એમ.સી. એકટની કલમ ૫૪ મુજબ સેવા પસંદગી સમિતિના સભ્ય તરીકે કોર્પોરેશનના મહેકમની ભરતી માટેની બધી મીટીંગોમાં ભાગ લીધેલ છે.

અંતમાં જણાવવાનું કે, ઓડીટ વાંધાઓ પરત્વે શાખાધિકારીઓ પૂરતી જાગૃતિ દાખવે અને તેની પૂર્તતા સત્વરે કરે અને તે રીતે વાંધાઓનું પુનરાવર્તન થતું અટકાવે તેવી અપેક્ષા છે, દરેક શાખાધિકારીઓએ અમને ઓડીટ કાર્યમાં જે સાથ અને સહકાર આપ્યો છે તેની નોંધ લઉં છું અને ખાસ કરીને ચેરમેન શ્રી સ્થાયી સમિતિ તથા કમિશ્નરશ્રીનો સહકાર મળ્યો છે, તે બદલ આ તબક્કે આભાર વ્યક્ત કરૂં છું.

ચીફ ઓડીટર
રાજકોટ મહાનગરપાલિકા

# વિભાગ-૧

## પ્રકરણ-૧

**પ્રારંભિક (કચેરીની માહિતી) :-**

કોર્પોરેશનની જુદી જુદી શાખાઓનું ઓડીટ કરવા માટે બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમમાં થયેલ જોગવાઇ મુજબ ચીફ ઓડીટરશ્રીનું મહેકમ ઓડીટ રીપોર્ટનાં વર્ષો દરમ્યાન નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | ૨૦૧૦ - ૨૦૧૧ | | | ૨૦૧૧- ૨૦૧૨ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર કરેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | મંજુર કરેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
| (૧) | ચીફ ઓડીટર | ૧ | ૧ | — | ૧ | ૧ | - |
| (૨) | ડે. ચીફ ઓડીટર | ૧ | ૧ | — | ૧ | ૧ | - |
| (૩) | ઓડીટર | ૬ | ૫ | ૧ | ૬ | ૫ | ૧ |
| (૪) | આસી.ઓડીટર | ૭ | ૪ | ૩ | ૭ | ૪ | ૩ |
| (૫) | સબ ઓડીટર | ૧૪ | ૨ | ૧૨ | ૧૪ | ૨ | ૧૨ |
| (૬) | સ્ટોર વેરીફાયર | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| (૭) | ઓડીટ કલાર્ક | ૧૦ | ૩ | ૭ | ૧૦ | ૩ | ૭ |
| (૮) | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૧ | — | ૧ | ૧ | — | ૧ |
| (૯) | નાયક | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| (૧૦) | કાયમી પટાવાળા | ૫ | ૧ | ૪ | ૫ | ૧ | ૪ |
| (૧૧) | હંગામી પટાવાળા | ૮ | ૮ | — | ૮ | ૮ | - |
| (૧૨) | રોજમદાર (સ્કીલ્ડ) | - | - | - | - | - | - |
| (૧૩) | રોજમદાર (અનસ્કીલ્ડ) | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| | કુલ | ૫૬ | ૨૭ | ૨૯ | ૫૬ | ૨૭ | ૨૯ |

ઉપરોક્ત હકિકતે ૨૦૧૧-૧૨ના વર્ષાન્તે કુલ ૨૯ જગ્યાઓ ખાલી રહેવા પામેલ હતી.

ઓડીટ રીપોર્ટના બંને વર્ષ દરમ્યાન ચીફ ઓડીટર તરીકે તા. ૧-૪-૨૦૧૦ થી તા.૩૦-૧૨-૨૦૧૦ સુધી શ્રી આર કે. જાંપડા, તા.૩૧-૧૨-૨૦૧૦ થી ૭-૩-૨૦૧૧ સુધી જે. સી. લાખાણી (ઈનચાર્જ), તા. ૮-૩-૨૦૧૧ થી તા.૧૪-૧૧-૨૦૧૧ શ્રી આર. એચ. દવે અને તા. ૧૫-૧૧-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ સુધી શ્રી જે. એસ. હરસોરા હતા.

ઓડીટ રીપોર્ટના બંને વર્ષ દરમ્યાન કમિશ્નર તરીકે શ્રી અજય ભાદુ હતા.

**ઓડીટ પધ્ધતિ :-**

કોર્પોરેશનની આરોગ્ય શાખાના સફાઇ કામદારોના પગાર ભથ્થાના બીલો તેમજ રોશની વિભાગના વિજળી વપરાશના બીલોનું પોસ્ટ-ઓડીટ થાય છે અને તે સિવાયના તમામ બીલો પ્રિ-ઓડીટ કરવાની પ્રથા અમલમાં છે.

**કામગીરી :-**

ઓડીટ રીપોર્ટના બન્ને વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે જુદા જુદા પ્રકારના બીલો તથા ફાઇલો ઓડીટ ચકાસણી માટે રજૂ થયેલ હતા.

| | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|
| (૧) વાઉચર બીલો | ૨૬૪૭૫ | ૨૮૯૪૫ |
| (૨) પગાર બીલો | ૨૨૮૩ | ૧૭૫૬ |
| (૩) ચકાસણી માટે રજુ થયેલ ફાઇલો | ૨૦૯ | ૩૨૯ |
| (૪) પેન્શન કેસો | ૧૨૦ | ૧૨૭ |

શાખાઓએ જે બીલો રજુ કરેલ તે પાસ કરવામાં આવેલ છે અને રજુ થયેલ ફાઇલો ચકાસણી બાદ જે તે શાખાને પરત કરવામાં આવેલ છે.

વધુમાં બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૫૪ હેઠળ પસંદગી સમિતિના સભ્ય તરીકે અલગ-અલગ સંવર્ગની ભરતી માટે ઉમેદવારોની લેખિત પરીક્ષા તેમજ રૂબરૂ ઇન્ટરવ્યુની પ્રક્રિયામાં ભાગ લઇ પસંદગીની કાર્યવાહી પૂર્ણ કરાવેલ છે.

# વિભાગ-૧

## ૨:૧ પ્રકરણ-૨

### નાણાંકીય પરિસ્થિતિ (હિસાબી શાખા)

(૧) મ્યુનિસિપલ કોર્પોરેશનના સને ૨૦૦૯-૨૦૧૦ થી ૨૦૧૧-૨૦૧૨ ના કુલ એકંદર આવક તથા ખર્ચની સમીક્ષા નીચે મુજબ છે.

**૨૦૦૯-૨૦૧૦ થી ૨૦૧૧-૨૦૧૨ (રૂા. લાખ)**

| વર્ષ | આવક | ખર્ચ | આવક સામે ખર્ચમાં વધારો કે ઘટાડો | ટકાવારી |
|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૦૩૧૬.૬૧ | ૩૫૭૩૦,૩૦ | - ૪૫૮૬.૩૧ | -૧૧.૩૭% |
| ૨૦૧૦-૧૧ | ૪૨૯૯૮.૮૦ | ૪૪૮૪૮.૦૧ | + ૧૮૪૯.૨૧ | + ૪.૩૦ % |
| ૨૦૧૧-૧૨ | ૫૦૦૦૧.૭૫ | ૪૫૮૯૭.૦૧ | - ૪૧૦૪.૭૪ | - ૮.૨૧% |

ઉપર્યુક્ત વિગતે સને ૨૦૧૦-૧૧માં આવક કરતાં ખર્ચમાં રૂા. ૧૮૪૯.૨૧ લાખનો વધારો નોંધાયેલ છે.

(૨) અંદાજપત્રીય જોગવાઈ સામે ખરેખર આવક-ખર્ચની પરિસ્થિતિ નીચે મુજબ હતી.

**આવક**

| વર્ષ | અંદાજ | ખરેખર | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૦૨૬૬.૨૩ | ૪૦૩૧૬.૬૧ | +૦.૧૨.૫૧% |
| ૨૦૧૦-૧૧ | ૪૯૨૩૮.૩૨ | ૪૨૯૯૮.૮૦ | -૧૨.૬૭% |
| ૨૦૧૧-૧૨ | ૪૬૮૨૦.૭૬ | ૫૦૦૦૧.૭૫ | +૬.૮૦% |

**ખર્ચ**

| વર્ષ | અંદાજ | ખરેખર | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૪૩૩૬.૧૮ | ૩૫૭૩૦.૩૦ | -૧૯.૪૧% |
| ૨૦૧૦-૧૧ | ૫૦૬૧૩.૯૦ | ૪૪૮૪૮.૦૧ | -૧૧.૩૯% |
| ૨૦૧૧-૧૨ | ૫૪૮૭૩.૯૩ | ૪૫૮૯૭.૦૧ | -૧૬.૩૬% |

અંદાજીત આવક અને ખર્ચના તથા ખરેખર થયેલ આવક અને ખર્ચનાં આંકડાઓ તપાસતા જણાય છે કે ૨૦૧૦-૧૧ માં અંદાજીત આવક કરતા ખરેખર થયેલ આવકમાં ૧૨.૬૭% નો ઘટાડો જોવા મળેલ છે જ્યારે ખર્ચમાં ત્રણેય વર્ષમાં અંદાજીત ખર્ચ સામે ખરેખર થયેલ ખર્ચમાં ઘટાડો જોવા મળેલ છે. જે હકીકત અંદાજપત્રમાં આવક અને ખર્ચના અંદાજો અવાસ્તવિક રીતે દર્શાવવામાં આવતા હોવાનું દર્શાવે છે. આગામી વર્ષે આવક ખર્ચનું સચોટ અને વાસ્તવિક આયોજન કરીને અંદાજપત્ર તૈયાર કરવા ઓડીટનું સૂચન છે.

**૨:૨**

મ્યુનિ. એકા. કોડના ફકરા ૫૦ અનુસાર નક્કી થયા મુજબની જવાબદારીઓ અને અસ્કયામતોનું વાર્ષિક પત્રક દર વખતના ઓડીટ રીપોર્ટમાં સૂચવવા છતાં હજુ તૈયાર થતું નથી જેથી કોર્પો.ની આર્થિક સદ્ધરતા કે આર્થિક જવાબદારીઓ જાણવા મળેલ નથી જ્યારે કોર્પોરેશનને લોન લેવી હોય ત્યારે સંસ્થાની આર્થિક સદ્ધરતા જાણવા માટે આવું પત્રક ઉપયોગી બને છે. આગામી વર્ષે આ પત્રક તૈયાર કરવા ઓડીટનો અનુરોધ છે.

**૨:૩**

બી. પી. એમ. સી. એક્ટની કલમ ૧૨૬ હેઠળ કોર્પોરેશને લીધેલ લોન, ડીબેન્ચર્સ અંગેનું હીશાબી પત્રક કોર્પો. ની સામાન્ય સભામાં રજુ કરીને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની જોગવાઈ છે. અને આ પત્રકની એક નકલ સરકારશ્રીમાં તથા એકા. જનરલને સાદર કરવાની હોય છે. પરંતુ તે મુજબની કાર્યવાહી થતી નથી.

**૨:૪**

કોર્પોરેશન દ્વારા મિલ્કતોની આકારણી ૧૯૯૪ વર્ષ બાદ થયેલ નથી. બી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭(ક) મુજબ દર બે વર્ષે સુધારવાની રહે છે જે કાર્યવાહી સમયસર ન હાથ ધરવાના કારણે વેરા વસુલાત જુના દરે થતી હોય કોર્પોરેશન ફંડમાં વેરાની ઉપજ ઓછા દરે જમા થાય છે જે નાણાકીય નુકશાનીની અસર યોજનાકીય કામોની નાણાકીય ફાળવણીમાં થતી હોય વિકાસના કામોની પ્રગતિ મંદ રહેવા પામે છે ફક્ત સરકારી અનુદાનની રકમમાંથી વિકાસ કામો હાથ ધરવાનો વિકલ્પ રહે છે જે પરિસ્થિતિ ધ્યાને લઈ મિલ્કત વેરાની આકારણી ચાદી નવા હિશાબી વર્ષથી સુધારવા અને કરભારણ વધારવા ઓડીટ અનુરોધ છે.

**૨:૫**

**સસ્પેન્સ એડવાન્સ :-**

આ અહેવાલના વર્ષ દરમ્યાનની સસ્પેન્સ એડ.ની માહિતી હિસાબી શાખા તરફથી મળેલ નથી. અગાઉની રકમ ઘણા સમયથી બાકી ખેચાતી આવે છે. જેની વસુલાતની કોઈ વિગત મળેલ નથી.

આવા સસ્પેન્સ એડવાન્સના બે અર્થ થઈ શકે જે તે સમયે એડવાન્સ લઈ જે તે કામ પૂર્ણ કરી વાઉચરથી ખર્ચ પાડેલ છે. પરંતુ તેને રેગ્યુલરાઈઝ કરવાનું બાકી છે અને બીજુ જે એડવાન્સ ઉપાડવામાં આવેલ છે તે કામ પાછળ કોઈ પણ ખર્ચ કર્યા વગર પોતાના અંગત ઉપયોગ માટે રાખ્યા હોય તેમ માનવાનું રહે છે. આમ ૧૭ શાખાના રૂપિયા ૪૧,૫૩,૪૫૦-૮૧ પૈસાની રકમ કોર્પોરેશનના હિસાબ પેટે બાકી રહે તે કોઈ સંજોગોમાં કોર્પોરેશનના હીતમાં નથી તેમજ નાણાકીય દષ્ટિએ અનિયમિત છે.

હવે ભલામણ છે કે આ રકમો તુરત જ સરભર કરાવવી અથવા તો રકમ વસુલ થઈ જવી જોઈએ જો રકમ વસુલ ન થાય તો જે તે શાખાધિકારીનો વસુલાત પુરી ન થાય ત્યાં સુધી પગાર અટકાવવો. આ વસ્તુ ઘણી ગંભીર ગણી તાકિદે કાર્યવાહી કરવા ભલામણ છે.

**૨:૬**

**અનિર્ણિત લોન બાબત :**

અછત દરમ્યાન વિશ્વ બેંક તથા રાજ્ય સરકારે આપેલ લોનની રકમ રૂા. ૨૨૫૮.૩૪ લાખની લોન જે અનિર્ણિત બાકીમાં છે. જેમાં આજ સુધીમાં એકપણ હપ્તા ચૂકવવામાં આવેલ નથી. કોર્પોરેશનની વારંવારની રજૂઆત સામે સરકારશ્રી તરફથી આ બાબતે સ્પષ્ટ મંતવ્ય અથવા તો નિર્ણય આવી ગયો હોય તો આ અનિર્ણિત લોનના હપ્તાઓ ઓવરડ્યુ સાથે સમયસર ચુકવાય તે માટે તાકીદે પ્રબંધ કરવો અનિવાર્ય છે. સરકારશ્રીના મંતવ્ય પછી આ લોનમાં વ્યાજ માફ થઈ શકશે નહી તેવા સંજોગોમાં કોર્પોરેશનને વધારે નાણાંકીય નુકશાન ન થાય તે માટે દર વર્ષે સીકીંગ ફંડના રૂણ સમાપ્તીના હેતુઓ માટે હપ્તાઓનું આયોજન કરવું કોર્પોરેશનનાં હીતમાં ગણાશે.

**૨:૭**

**અંદાજપત્રીય અનિયમિતતાઓ :-**

કોર્પોરેશનના સને : ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના અંદાજપત્રની ચકાસણી કરતા આવક ખર્ચના અંદાજ અને ખરેખર આવક અને ખર્ચના આંકડાઓમાં અસાધારણ તફાવત જોવા મળેલ છે. જેના અનુમારૂપ કિસ્સાઓ સામેલ પત્રકમાં દર્શાવિલ છે.

**૨૦૧૦-૧૧**

**૧. મહેસુલી આવક**

કોર્પોરેશનના આવકના મુખ્ય સ્ત્રોત સમા મિલ્કત વેરાનો અંદાજ ૭૮૬૧-૩૦ લાખ જેવો અવાસ્તવિક દર્શાવિલ હતો જ્યારે વાસ્તવિક રીતે આવક વેરાની ઉપજ રૂા. ૫૦૯૧.૬૪ લાખ થવા પામી હતી અને પાણી ચાર્જની અંદાજીત આવક કરતા રૂા. ૪૨૬.૮૭ લાખ ઉપજ ઓછી થયેલ છે. એટલું જ નહીં કોર્પો. રોકેલ નાણાનું વ્યાજ, અન્ય પરચુરણ ઉપજ અને લેબર શેષની આવક અંદાજ કરતા ઘણી વધારે થયેલ છે. તેવી જ રીતે પરચુરણ આવક ટી.પી. અને ડ્રેનેજ ચાર્જમાં અંદાજીત આવક કરતા ઉપજ ઘણી જ ઓછી થવા પામેલ છે. એજ્યુકેશન શેષની ગ્રાન્ટ મુંબઈ મા.શિ. અધિનિયમ ૧૯૪૭ હેઠળની જોગવાઈઓ આધિન ગણતરી પાત્ર છે. તેમ છતાં આ ગ્રાન્ટના અંદાજ કરતા રૂા. ૧૧૫૬.૯૯ લાખનો વધારો થવા પામેલ છે.

આમ કોર્પોરેશનના અંદાજપત્રમાં થનાર આવકનો અંદાજ અવાસ્તવિક દર્શાવવાના કારણે આગામી વર્ષના ખર્ચના આયોજન ઉપર તેની વિપરીત અસર પડેલ છે.

**૨. મુડી આવક**

મુડી આવકના અંદાજો તપાસતા કેન્દ્ર સરકારશ્રીની જે.એન.એન.યુ.આર.એમ. મીશન-૧ની ગ્રાન્ટ રૂા. ૩૦૬૦,૦૦ લાખ મળવાપાત્ર દર્શાવિલ છે. જે ખરેખર એકપણ પૈસો મળેલ નથી. તેવી જ રીતે જમીન વેચાણની આવકનો અંદાજ રૂા. ૭૦૦૦.૦૦ લાખ દર્શાવિલ છે. ખરેખર ઉપજ રૂા. ૫૧૮૨.૦૩ થયેલ છે. એટલે કે રૂા. ૧૮૧૭.૯૭ લાખ ઘટ આવેલ છે. એટલું જ નહીં રાજ્ય સરકારશ્રીની જે.એન.યુ.આર.એમ. મીશન-૧ ની ગ્રાન્ટ રૂા. ૧૨૨૪-૦ લાખ અંદાજેલ જે માત્ર ૦.૩૬ લાખ જ આવેલ છે. મુડી આવકના અંદાજ અને ખરેખર આવક વચ્ચે ખુબ જ મોટી તફાવત જોવા મળેલ છે. આ રીતે અવાસ્તવિક અંદાજો દર્શાવવાના કારણે આગામી વર્ષના આયોજન ઉપર વિપરીત અસર પડેલી છે.

**૩. મહેસુલી ખર્ચ**

ખર્ચ વિભાગના અંદાજમાં પણ અસાધારણ ફેરફાર ધ્યાને આવેલ છે. સ્ટાફ પેન્શન, ફીલ્ટર પ્લાન્ટ વિજળી ખર્ચ જેવા હેતુસરના ખર્ચના અંદાજ કરતા વધારે ખર્ચ થવા પામેલ છે. જ્યારે પેન્શન ગ્રેચ્યુટી ફંડમાં બજેટ જોગવાઈ રૂા. ૧૦૦.૦૦ લાખની દર્શાવિલ છે. જેમાં એક પણ પૈસો ખર્ચ થયેલ નથી. ઉપરાંત પ્રા. સિક્યો. કોન્ટ્રાક્ટ, પાણી પુરવઠાનો સરકારી ખર્ચ, સો. વેસ્ટ મેનેજમેન્ટ પગાર ખર્ચ અને કોન્ટ્રાક્ટ બેઈઝથી કચરો ઉપાડવાના કામમાં અંદાજ કરતા ઓછો ખર્ચ થયેલ હોવાનું જણાયેલ છે.

વાર્ષિક અંદાજપત્રમાં આવક અને ખર્ચનો અંદાજ વાસ્તવિક ધોરણે આગામી વર્ષમાં થનાર આવક-ખર્ચનું યોગ્ય રીતે અનુમાન કરીને અંદાજ પત્ર તૈયાર કરવા ઓડીટનું સૂચન છે.

**૪. મુડી ખર્ચ**

આ વિભાગ હેઠળ પ્રજાકિય કામો જેવા કે વોટર વર્કસ નવા કામ, પાણી પુરવઠા યોજના, રસ્તા, બ્રીજ, ડ્રેનેજ વગેરે મોટા ભાગના હેડમાં અંદાજીત ખર્ચ કરતા મોટા પ્રમાણમાં ખરેખર થયેલ ખર્ચમાં ઘટાડો નોંધાયેલ છે. આ ખર્ચના ઘટાડાના કારણે યોજનાકીય ખર્ચ ન થવા અંગે સદરવાર સ્પષ્ટતા રજુ કરવા ઓડીટનો અનુરોધ છે.

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

**૨૦૧૦-૨૦૧૧**

**મહેસુલી આવક :-** (રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૦૦૧ | મકાન તથા જમીન ઉપરનો ટેક્સ (જનરલ ટેક્સ) | ૧૦૨૦૧ | મકાન વેરો | ૭૮૬૧.૩૦ | ૫૦૯૧.૬૪ | – | ૨૭૬૯.૬૬ |
| ૨. | ૧૦૦૧ | મકાન તથા જમીન ઉપરનો ટેક્સ (જનરલ ટેક્સ) | ૧૦૩૦૧ | પાણીનો દર/કર | ૨૦૬૮.૩૩ | ૧૬૪૧.૪૬ | – | ૪૨૬.૮૭ |
| ૩. | ૧૦૦૧ | મકાન તથા જમીન ઉપરનો ટેક્સ (જનરલ ટેક્સ) | ૧૦૩૦૩ | ડ્રેનેજ ચાર્જ | ૧૦૮૪.૩૧ | ૯૨૬.૧૯ | – | ૧૫૮.૧૨ |
| ૪. | ૧૦૦૨ | વ્યવસાય વેરો | ૧૦૭૦૦ | વ્યવસાય વેરો | ૯૨૫.૦૦ | ૮૨૫.૭૦ | – | ૯૯.૩૦ |
| ૫. | ૨૩૦૨ | જે.એન.એન.યુ.આર.એમ. બસ સ્ટોપ જાહેરાત આવક | ૧૩૧૦૨ | જાહેરાત આવક | ૧૨૦.૦૦ | ૨૨.૦૬ | – | ૯૭.૯૪ |
| ૬. | ૨૪૦૧ | પરચુરણ આવક (ટી.પી.) | ૧૩૪૧૭ | પરચુરણ ઉપજ | ૩૪૦.૦૦ | ૯૩.૯૮ | – | ૨૪૬.૦૨ |
| ૭. | ૧૦૦૧ | એજ્યુકેશન શેષ ગ્રાન્ટ | ૧૮૨૨૦ | એજ્યુ. શેષ ગ્રાન્ટ | ૨૧૫૭.૫૮ | ૩૩૧૪.૫૭ | ૧૧૫૬.૯૯ | – |
| ૮. | ૭૦૧ | કોર્પો. ફંડના રોકેલ નાણા ઉપરનું વ્યાજ | ૨૩૧૦૧ | કોર્પો. ફંડના રોકેલ નાણા ઉપરનું વ્યાજ | ૬૫૦.૦૦ | ૮૪૮.૮૪ | ૧૯૮.૮૪ | – |
| ૯. | ૭૦૧ | અન્ય પરચુરણ ઉપજ | ૧૩૪૧૭ | અન્ય પરચુરણ ઉપજ | ૮૦.૦૦ | ૫૮૪.૮૬ | ૫૦૪.૮૬ | – |
| ૧૦. | ૭૦૨ | લેબર શેષ આવક | ૧૩૪૨૦ | લેબર શેષ જમા | ૧૫૦.૦૦ | ૨૫૮.૩૪ | ૧૦૮.૩૪ | – |

# અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

મુડી આવક :- 　　２૦૧૦-૨૦૧૧ 　　(રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૧૦૦ | જમીન વેચાણ | ૬૦૧૦૦ | જમીન | ૭૦૦૦.૦૦ | ૫૧૮૨.૦૩ | – | ૧૮૧૭.૯૭ |
| ૨. | ૨૭૬૪ | કેન્દ્ર સરકારશ્રીની ગ્રાન્ટ જે.એન. એન.યુ.આર.એમ. મીશન–૧ | ૮૦૨૪૧ | ગ્રાન્ટ | ૩૦૬૦.૦૦ | – | – | ૩૦૬૦.૦૦ |
| ૩. | ૨૭૬૪ | રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ જે.એન.એન.યુ.આર.એમ. મીશન–૧ | ૮૦૨૫૦ | ગ્રાન્ટ | ૧૨૨૪.૦૦ | ૦.૩૬ | – | ૧૨૨૩.૬૪ |
| ૪. | ૨૭૬૫ | રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ જે.એન.એન.યુ.આર.એમ. મીશન–૨ | ૮૦૨૫૨ | ગ્રાન્ટ | ૩૨૩.૦૦ | ૫૫૪.૫૦ | ૨૩૧.૫૦ | – |
| ૫. | ૨૭૬૫ | કેન્દ્ર સરકારશ્રીની ગ્રાન્ટ જે.એન.એન.યુ.આર.એમ. મીશન–૨ | ૮૦૨૫૧ | ગ્રાન્ટ | ૮૦૮.૦૦ | ૧૩૭૫.૦૦ | ૫૬૭.૦૦ | – |
| ૬. | ૩૧૦૦ | બેટરમેન્ટ લેવી | ૮૦૩૦૭ | બેટરમેન્ટ લેવી | ૩૫૦.૦૦ | ૪૬૨.૦૬ | ૧૧૨.૦૬ | – |

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

**૨૦૧૦-૨૦૧૧**

મહેસુલી આવક :- (રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦૭૧૦ | સ્ટાફ પેન્શન (મ્યુનિ. કોન્ટ્રી.) | ૩૧૧૦૦ | સ્ટાફ પેન્શન ફાળો | ૧૪૫૦.૦૦ | ૧૮૧૭.૦૦ | ૩૬૭.૦૦ | – |
| ૨. | ૦૭૧૦ | પેન્શન અને ગ્રેચ્યુટી ફંડ | ૫૫૯૦૦ | પેન્શન અને ગ્રેચ્યુટી ફંડ | ૧૦૦.૦૦ | – | – | ૧૦૦.૦૦ |
| ૩. | ૧૩૦૧ | પ્રા. સીક્યોરીટી કોન્ટ્રા. ખર્ચ | ૪૮૮૦૦ | પ્રાઈવેટ સીક્યોરીટી | ૨૮૪.૦૦ | ૧૮૧.૫૫ | – | ૧૦૨.૪૫ |
| ૪. | ૧૬૦૧ | પાણી પુરવઠાનો સરકારી ખર્ચ | ૪૮૨૦૨ | પાણી પુરવઠાનો સરકારી ખર્ચ | ૧૮૦૫.૦૦ | ૧૫૬૮.૦૫ | – | ૨૩૬.૦૫ |
| ૫. | ૧૬૦૨ | ફીલ્ટર પ્લાન્ટ વિજળી ખર્ચ | ૪૩૧૦૩ | વિજળી ખર્ચ | ૧૩૦૦.૦૦ | ૧૫૩૧.૩૬ | ૨૩૧.૩૬ | – |
| ૬. | ૧૭૦૨ | સો.વે.મે. પગાર ખર્ચ (કન્ઝરવન્સી સ.કા.) | ૩૦૧૦૦ | પગાર | ૩૮૭૭.૧૪ | ૩૫૭૨.૪૫ | – | ૩૦૪.૬૯ |
| ૭. | ૧૭૦૩ | કોન્ટ્રા. બેઈઝથી કચરો ઉપાડવાનું કામ (સેકન્ડરી) | ૪૮૯૦૧ | કચરો ઉપાડવાનું કામ | ૩૭૦.૦૦ | ૨૮૭.૧૦ | – | ૮૨.૯૦ |

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

**મૂડી ખર્ચ :-** **૨૦૧૦-૨૦૧૧** (રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૫૦૨ | સોલાર લાઈટ ઓફિસમાં | ૬૪૫૦૯ | સોલાર લાઈટ | ૨૦૦.૦૦ | ૧.૫૨ | – | ૧૯૮.૪૮ |
| ૨. | ૨૬૦૧ | વોટર વર્કસ નવા કામ | ૬૪૬૦૧ | પાઈપ લાઈન | ૪૦૭.૦૦ | ૪૯.૦૮ | – | ૩૫૭.૯૨ |
| ૩. | ૨૭૬૩ | ઈ.એસ.આર./જી.એસ.આર. (અમરનગર, ચંદ્રનગર) | ૬૪૬૦૭ | ઈ.એસ.આર./ જી.એસ.આર. | ૪૦૦.૦૦ | ૨૩૬.૪૨ | – | ૧૬૩.૫૮ |
| ૪. | ૨૭૬૪ | પાણી પુરવઠા | ૬૪૬૦૫ | પાણી પુરવઠા | ૩૨૫.૦૦ | ૨૮૪.૪૩ | – | ૪૦.૫૭ |
| ૫. | ૨૬૦૧ | પ્રાણી સંગ્રહાલય ડેવલપમેન્ટ સ્કીમ | ૬૪૩૧૫ | ઝુ અને બોટોનીક ગાર્ડન | ૧૬૫.૦૦ | ૭૩.૪૮ | – | ૯૧.૫૨ |
| ૬. | ૧૬૦૫ | પાણી પુરવઠા યોજના | ૬૪૬૦૩ | પાણી પુરવઠા યોજના | ૬૫૦.૦૦ | ૫૫૧.૭૯ | – | ૯૮.૨૧ |
| ૭. | ૨૭૫૧ | રસ્તા, બ્રીજ તથા ટ્રાફીક | ૬૪૪૦૬ | રસ્તા, બ્રીજ તથા ટ્રાફીક | ૨૧૦૦.૦૦ | ૧૬૪૨.૮૬ | – | ૪૫૭.૧૪ |
| ૮. | ૨૯૦૨ | ડ્રેનેજ કામ | ૬૪૬૧૬ | ડ્રેનેજ કામ | ૪૫૦.૦૦ | ૨૦૬.૬૨ | – | ૨૪૩.૩૮ |
| ૯. | ૨૭૬૬ | આરોગ્ય નિર્મળ ગુજરાત (સો.વે.મે.) | ૬૪૬૦૦ | આરોગ્ય નિર્મળ ગુજરાત | ૨૧૭.૦૦ | ૧૩૯.૫૭ | – | ૮૧.૪૩ |
| ૧૦. | ૨૭૦૭ | મનોરંજન કર ખર્ચ | ૬૪૨૦૯ | મનોરંજન કર ખર્ચ | ૬૮૮.૦૦ | ૪૬૬.૦૧ | – | ૨૨૧.૯૯ |

## ૨૦૧૧-૧૨

### ૧. મહેસુલી આવક :

કોર્પોરેશનની આવકનો મુખ્ય સ્ત્રોત સમા મકાન વેરો, સફાઈ કર, પાણી દર વગેરે આવકના ઘણા હેડમાં નિર્ધારીત લક્ષ્યાંક સામે આવક ઘણી ઓછી આવેલ છે. તેના કારણમાં એવું જણાય છે કે નિર્ધારીત લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે જે કાંઈ પ્રયત્નો થવા જોઈએ તે પુરતા પ્રમાણમાં થયેલ નથી. અથવા તો વાસ્તવિક પરિસ્થિતિ કરતા આવકનો અંદાજ ઉંચો રાખવામાં આવેલ છે.

એજ્યુકેશન શેષની ગ્રાન્ટ પેટે રૂા. ૨૫૦૦.૦૦ લાખની જોગવાઈ દર્શાવેલ હતી. ખરેખર આ સદર હેઠળ નાણાકીય વર્ષ દરમ્યાન કોઈપણ આવક થયેલ નથી. મુદ્દા પરત્વે સંબંધિત શાખાનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

ઉપરાંત જકાત ગ્રાન્ટ, આઈ.સી.ડી.એસ. ગ્રાન્ટ, ઈ.આર.સી.જી.એસ.ડી.એમ.એ. મહેકમ ગ્રાન્ટ, કોર્પોરેશન ફંડના રોકેલ નાણાનું વ્યાજ અને બાંધકામ શાખા (સ્ટોર હેડ) હેઠળની આવકનો અંદાજ ઓછો મુકી વાસ્તવિક આવક છુપાવવાનો પ્રયત્ન થયેલ હોય તેમ જણાય છે.

### ૨. મુડી આવક :

મુડી આવકના અંદાજો તપાસતા જણાય છે કે જમીન વેંચાણની આવક રૂા. ૫૦૦૦.૦૦ અંદાજવામાં આવેલ હતી. તેની સામે રૂા. ૩૬૫૩.૮૦ લાખ આવક નિપજેલ છે. રૂા. ૧૩૪૬.૨૦ લાખનો ઘટાડો થયેલ છે. એજ રીતે માન. મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ સ્વર્ણિમ ગુજરાત યોજના અંતર્ગત ગ્રાન્ટ રૂા. ૭૫૦૦.૦૦ અંદાજવામાં આવેલ હતી. તેની સામે રૂા. ૧૪૫૦૦.૦૦ આવક થયેલ છે. અચાનક જ રૂા. ૭૦૦૦.૦૦ લાખનો વધારો થયેલ છે. આમ બન્ને હેડમાં આવકમાં મોટા પ્રમાણમાં વધ અને ઘટ જોવા મળેલ છે. આમ યોગ્ય રીતે બજેટ જોગવાઈ ન બતાવવાના કારણે અંદાજ પત્રની સમતુલા જળવાતી નથી.

### ૩. મહેસૂલી ખર્ચ :

ખર્ચ વિભાગના અંદાજમાં સ્ટાફ પેન્શન પ્રા. સીક્યો. કોન્ટ્રા. ખર્ચ અને પાણી પુરવઠાના સરકારી ખર્ચના અંદાજ કરતા ઓછો ખર્ચ થયાનું દર્શાવેલ છે. પેન્શન અને ગ્રેચ્યુટી ફંડમાં રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. પરંતુ તેમાં કોઈ પણ ખર્ચ દર્શાવેલ નથી. રસ્તા મરામતના હેડ હેઠળ રૂા. ૧૨૪૩.૫૨ લાખનો ખર્ચ વધુ થયેલ છે. આમ બજેટ જોગવાઈ અને વાસ્તવિક ખર્ચ વચ્ચે ઘણો તફાવત જોવા મળેલ છે જે યોગ્ય નથી. આગામી અંદાજ પત્રમાં આ અંગે પૂરતું ધ્યાન આપવા ઓડીટનું સૂચન છે.

### ૪. મૂડી ખર્ચ :

આ વિભાગ હેઠળ રસ્તા, બ્રીજ તથા ટ્રાફીકમાં રૂા. ૧૦૦.૦૦ લાખનો ખર્ચ વધુ થયેલ છે. આ પત્રકમાં ખર્ચ ઘટાડાના કે યોજનાકીય ખર્ચ ન થવા અંગે સદરવાર સ્પષ્ટતા કરવા ઓડીટનો અનુરોધ છે.

એકંદરે ઉપરોક્ત તમામ મુદ્દાઓ અંગેના નમુના રૂપ કિસ્સાઓ અત્રે રજૂ કરવામાં આવેલ છે. આ બાબત કોર્પો.ના આર્થિક હિતને સ્પર્શતી હોય બજેટ વાસ્તવિક ધોરણે ચોક્કસ અનુમાન આધારીત તૈયાર કરવા કમિશ્નરશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

**મહેસુલી આવક :-** **૨૦૧૧-૨૦૧૨** (રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૦૦૧ | મકાન તથા જમીન ઉપરનો ટેક્સ (જનરલ ટેક્સ) | ૧૦૨૦૧ | મકાન વેરો | ૫૩૪૨.૦૦ | ૪૭૬૯.૮૦ | – | ૫૭૨.૨૦ |
| ૨. | ૧૦૦૧ | મકાન તથા જમીન ઉપરનો ટેક્સ (જનરલ ટેક્સ) | ૧૦૯૦૦ | સફાઈ કર | ૨૦૮૩.૦૦ | ૧૮૯૦.૭૨ | – | ૧૯૨.૨૮ |
| ૩. | ૧૦૦૧ | મકાન તથા જમીન ઉપરનો ટેક્સ (જનરલ ટેક્સ) | ૧૦૩૦૧ | પાણીનો દર/કર | ૧૭૪૯.૦૦ | ૧૨૨૦.૧૦ | – | ૫૨૮.૯૦ |
| ૪. | ૧૦૦૧ | બીલની મોડી વસુલાતનું વ્યાજ (ટેક્સ) | ૨૩૧૦૨ | બીલની મોડી વસુલાતનું વ્યાજ | ૨૪૬.૦૦ | ૪૯૫.૩૪ | ૨૪૯.૩૪ | – |
| ૫. | ૧૦૦૧ | એજ્યુકેશન શેષ ગ્રાન્ટ | ૧૮૨૨૦ | એજ્યુ. શેષ ગ્રાન્ટ | ૨૫૦૦.૦૦ | ૦.૦૦ | – | ૨૫૦૦.૦૦ |
| ૬. | ૧૧૦૧ | જકાત ગ્રાન્ટ | ૧૦૧૦૧ | જકાત | ૧૦૦૦૦.૦૦ | ૧૦૩૦૪.૫૦ | ૩૦૪.૫૦ | – |
| ૭. | ૨૮૦૧ | આઈ.સી.ડી.એસ. ગ્રાન્ટ (જી.ઓ.ડી.) | ૧૮૨૧૬ | આઈ.સી.ડી.એસ. ગ્રાન્ટ (જી.ઓ.ડી.) | ૫૦૦.૦૦ | ૮૦૯.૯૪ | ૩૦૯.૯૪ | – |
| ૮. | ૧૪૦૨ | ઈ.આર.સી.જે.એસ.ડી.એમ.એ. મહેકમ ગ્રાન્ટ | ૩૦૧૦૦ | ઈ.આર.સી.જે.એસ. ડી.એમ.એ. મહેકમ ગ્રાન્ટ | ૫૫.૦૦ | ૧૬૭.૦૦ | ૧૧૨.૦૦ | – |
| ૯. | ૭૦૧ | કોર્પોરેશન ફંડના રોકેલ નાણા ઉપરનું વ્યાજ | ૨૩૧૦૧ | કોર્પોરેશન ફંડના રોકેલ નાણા ઉપરનું વ્યાજ | ૧૦૦૦.૦૦ | ૧૪૪૩.૭૧ | ૪૪૩.૭૧ | – |
| ૧૦. | ૨૭૦૧ | બાંધકામ શાખા (સ્ટોર એડ.) | ૭૫૪૦૧ | બાંધકામ શાખા સ્ટોર | ૫૫.૦૦ | ૧૮૧.૨૯ | ૧૨૬.૨૯ | – |

# અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

**૨૦૧૧-૨૦૧૨**

મુડી આવક :- (રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૧૦૦ | જમીન વેચાણ | ૬૦૧૦૦ | જમીન | ૫૦૦૦.૦૦ | ૩૬૫૩.૮૦ | – | ૧૩૪૬.૨૦ |
| ૨. | ૨૭૦૧ | ૧૩માં નાણા પંચની ગ્રાન્ટ | ૮૦૨૫૭ | ૧૩માં નાણા પંચની ગ્રાન્ટ | ૧૭૧.૨૩ | ૩૪૬.૦૬ | ૧૭૪.૮૩ | – |
| ૩. | ૨૭૦૮ | એમ.એલ.એ.એરીયા ડે. સ્કીમ ગ્રાન્ટ | ૮૦૨૧૩ | એમ.એલ.એ. એરીયા ડે. સ્કીમ ગ્રાન્ટ | ૧૦૦.૦૦ | ૪૪.૩૯ | – | ૫૫.૬૧ |
| ૪. | ૨૭૬૪ | માન. મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ સ્વર્ણિમ ગુજરાત યોજના અંતર્ગત ગ્રાન્ટ | ૮૦૨૫૩ | મુખ્યમંત્રીશ્રીની ગ્રાન્ટ | ૭૫૦૦.૦૦ | ૧૪૫૦૦.૦૦ | ૭૦૦૦.૦૦ | – |
| ૫. | ૩૧૦૦ | બેટરમેન્ટ લેવી | ૮૦૩૦૭ | બેટરમેન્ટ લેવી | ૩૫૦.૦૦ | ૨૯૮.૩૮ | – | ૫૧.૬૨ |

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

**મહેસુલી ખર્ચ :-** **૨૦૧૧-૨૦૧૨** (રકમ રૂ. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૦૭૧૦ | સ્ટાફ પેન્શન (મ્યુનિ. કોન્ટ્રી.) | ૩૧૧૦૦ | સ્ટાફ પેન્શન ફંડ ફાળો | ૧૯૭૫.૦૦ | ૧૬૪૬.૯૬ | – | ૩૨૮.૦૪ |
| ૨. | ૦૭૧૦ | પેન્શન અને ગ્રેચ્યુટી ફંડ | ૫૫૯૦૦ | પેન્શન અને ગ્રેચ્યુટી ફંડ | ૧૦૦.૦૦ | – | – | ૧૦૦.૦૦ |
| ૩. | ૧૩૦૧ | પ્રા. સીક્યોરીટી કોન્ટ્રા. ખર્ચ | ૪૮૮૦૦ | પ્રાઈવેટ સીક્યોરીટી | ૪૫૫.૦૦ | ૩૭૦.૮૪ | – | ૮૪.૧૬ |
| ૪. | ૧૫૦૧ | સ્ટ્રીટ લાઈટ વિજળી ખર્ચ | ૪૩૧૦૩ | વિજળી | ૪૫૦.૦૦ | ૫૧૩.૪૩ | ૬૩.૪૩ | – |
| ૫. | ૧૬૦૧ | પાણી પુરવઠાનો સરકારી ખર્ચ | ૪૮૨૦૨ | પાણી પુરવઠાનો સરકારી ખર્ચ | ૧૬૫૦.૦૦ | ૧૪૩૦.૪૬ | – | ૨૧૯.૫૪ |
| ૬. | ૨૭૦૧ | રસ્તા મરામત | ૩૮૪૦૭ | ડામર, કોંક્રિટ, પેવર, કાચા રસ્તા મરામત | ૩૦૦.૦૦ | ૧૫૪૩.૫૨ | ૧૨૪૩.૫૨ | – |

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

મુડી ખર્ચ :- 2011-2012 (રકમ રૂ. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૬૦૧ | વોટર વર્કસ નવા કામ | ૬૪૬૦૧ | પાઈપ લાઈન | ૮૦૦.૦૦ | ૪૮૨.૨૦ | – | ૩૧૭.૮૦ |
| ૨. | ૨૭૬૩ | ઈ.એસ.આર./જી.એસ.આર. (અમરનગર, ચન્દ્રનગર) | ૬૪૬૦૭ | ઈ.એસ.આર./ જી.એસ.આર. | ૪૬૧.૦૦ | ૨૬૧.૬૧ | – | ૧૯૯.૩૯ |
| ૩. | ૨૬૦૧ | પ્રાણી સંગ્રહાલય ડે. સ્કીમ | ૬૪૩૧૫ | ઝુ અને બોટોનીકલ ગાર્ડન | ૧૫૦.૦૦ | ૫૯.૯૫ | – | ૯૦.૦૫ |
| ૪. | ૧૬૦૫ | પાણી પુરવઠા યોજના | ૬૪૬૦૩ | પાણી પુરવઠા યોજના | ૨૮૩૦.૦૦ | ૨૩૨૩.૧૭ | – | ૫૦૬.૮૩ |
| ૫. | ૨૭૫૧ | રસ્તા બ્રીજ તથા ટ્રાફીક | ૬૪૪૦૬ | રસ્તા, બ્રીજ તથા ટ્રાફીક | ૧૨૪૦.૦૦ | ૧૩૪૦.૪૬ | ૧૦૦.૪૬ | – |
| ૬. | ૨૯૦૨ | ડ્રેનેજ કામ | ૬૪૬૧૬ | ડ્રેનેજ કામ | ૧૮૦૦.૦૦ | ૧૦૫૦.૪૪ | – | ૭૪૯.૫૬ |
| ૭. | ૨૭૧૨ | ગરીબ સમૃદ્ધિ યોજના આરોગ્ય લક્ષી તેમજ શૈક્ષણિક વગેરે | ૬૪૨૧૨ | ગરીબી સમૃદ્ધિ યોજના આરોગ્યલક્ષી તેમજ શૈક્ષણિક | ૪૦૦.૦૦ | ૧૫૭.૪૩ | – | ૨૪૨.૫૭ |
| ૮. | ૨૭૧૩ | અન્ય ખર્ચ આગવી ઓળખ સાથે | ૬૪૨૧૨ | અન્ય ખર્ચ | ૧૭૫.૦૦ | ૫૯.૩૪ | – | ૧૧૫.૬૬ |
| ૯. | ૨૭૦૨ | નવા રસ્તા | ૬૪૪૦૬ | રસ્તા | ૨૨૦૨.૦૦ | ૯૧૫.૫૭ | – | ૧૨૮૬.૪૩ |
| ૧૦. | ૨૭૬૪ | રસ્તા કામ/ટ્રાફીક/ બી.આર.ટી.એસ.જે.એન.એન. યુ.આર.એમ. મીશન–૧ | ૩૮૪૦૮ | રસ્તા કામ | ૬૧૯૦.૦૦ | ૫૧૯૧.૯૩ | – | ૯૯૮.૦૭ |

## અંદાજપત્રિય અનિયમીતતાઓના નમુના રૂપ કિસ્સાઓનું પત્રક

મુડી ખર્ચ :- **૨૦૧૧-૨૦૧૨** (રકમ રૂ. લાખમાં દર્શાવેલ છે.)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | બજેટ જોગવાઈ | ખરેખર | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૬૦૧ | વોટર વર્કસ નવા કામ | ૬૪૬૦૧ | પાઈપ લાઈન | ૮૦૦.૦૦ | ૪૮૨.૨૦ | – | ૩૧૭.૮૦ |
| ૨. | ૨૭૬૩ | ઈ.એસ.આર./જી.એસ.આર. (અમરનગર, ચન્દ્રનગર) | ૬૪૬૦૭ | ઈ.એસ.આર./ જી.એસ.આર. | ૪૬૧.૦૦ | ૨૬૧.૬૧ | – | ૧૯૯.૩૯ |
| ૩. | ૨૬૦૧ | પ્રાણી સંગ્રહાલય ડે. સ્કીમ | ૬૪૩૧૫ | ઝુ અને બોટોનીકલ ગાર્ડન | ૧૫૦.૦૦ | ૫૯.૯૫ | – | ૯૦.૦૫ |
| ૪. | ૧૬૦૫ | પાણી પુરવઠા યોજના | ૬૪૬૦૩ | પાણી પુરવઠા યોજના | ૨૮૩૦.૦૦ | ૨૩૨૩.૧૭ | – | ૫૦૬.૮૩ |
| ૫. | ૨૭૫૧ | રસ્તા બ્રીજ તથા ટ્રાફીક | ૬૪૪૦૬ | રસ્તા, બ્રીજ તથા ટ્રાફીક | ૧૨૪૦.૦૦ | ૧૩૪૦.૪૬ | ૧૦૦.૪૬ | – |
| ૬. | ૨૯૦૨ | ડ્રેનેજ કામ | ૬૪૬૧૬ | ડ્રેનેજ કામ | ૧૮૦૦.૦૦ | ૧૦૫૦.૪૪ | – | ૭૪૯.૫૬ |
| ૭. | ૨૭૧૨ | ગરીબ સમૃદ્ધિ યોજના આરોગ્ય લક્ષી તેમજ શૈક્ષણિક વગેરે | ૬૪૨૧૨ | ગરીબી સમૃદ્ધિ યોજના આરોગ્યલક્ષી તેમજ શૈક્ષણિક | ૪૦૦.૦૦ | ૧૫૭.૪૩ | – | ૨૪૨.૫૭ |
| ૮. | ૨૭૧૩ | અન્ય ખર્ચ આગવી ઓળખ સાથે | ૬૪૨૧૨ | અન્ય ખર્ચ | ૧૭૫.૦૦ | ૫૯.૩૪ | – | ૧૧૫.૬૬ |
| ૯. | ૨૭૦૨ | નવા રસ્તા | ૬૪૪૦૬ | રસ્તા | ૨૨૦૨.૦૦ | ૯૧૫.૫૭ | – | ૧૨૮૬.૪૩ |
| ૧૦. | ૨૭૬૪ | રસ્તા કામ/ટ્રાફીક/ બી.આર.ટી.એસ.જે.એન.એન. યુ.આર.એમ. મીશન–૧ | ૩૮૪૦૮ | રસ્તા કામ | ૬૧૯૦.૦૦ | ૫૧૯૧.૯૩ | – | ૯૯૮.૦૭ |

૨:૮

## સંબંધીત શાખાઓ :-
## બાકી ઓડીટ પારાઓની પુર્તતા થવા બાબત :-

સને ૧૯૭૩-૭૪ થી ૨૦૦૯-૧૦ ની સાલ સુધીની બાકી ઓડિટ પારાની સંખ્યા તા. ૩૧-૦૩-૨૦૧૦ ની સ્થિતિએ ૩૨૬૯ છે. જ્યારે ચાલુ વર્ષે ૨૩ પારાઓનો વધારો થતાં ૨૦૧૧-૧૨ના અંતે ૩૨૯૨ પારાઓ બાકી રહે છે. ઓડિટ પારાની પૂર્તતા કરવાની કામગીરી નહીવત્ પ્રમાણમાં થાય છે. વર્ષવાર અને શાખાવાર બાકી પારાઓની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. આમ એકત્રીત થયેલ ઓડીટ પારાઓની પુર્તતા કરવા માટે સઘન પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે. અને તે પરત્વે ઘટતું કરવા કમિશ્નરશ્રીને અનુરોધ કરવામાં આવેલ છે.

વર્ષવાર ઓડિટનાં પારાઓ વધવા પામેલ. નિકાલનો કોઈ સઘન પ્રયત્ન કરવામાં આવેલ નથી. જે ગંભીર બાબત છે. આ માટે કમિશ્નરશ્રી કક્ષાએ પારા નિકાલ ઝુંબેશનો દર મહીને એક દિવસ નક્કી કરવામાં આવે તો ઘણાં જુના પારાઓનાં નિકાલ લાવી શકાય જેટલું વિકાસનાં કામોને મહત્ત્વ અપાય છે. તેટલું નાણાકીય નિયમસરનાં ખર્ચાઓને ઓડીટે લીધેલ વાંધાઓને મહત્ત્વ અપાય તે મહાનગરપાલિકાના હિતમાં છે. જેનાથી થયેલ ભૂલો ધ્યાને આવવાથી પુનરાવર્તન અટકાવી શકાશે. ઓડીટ તરફથી આ માટે લેખીત જાણ કરવામાં આવી છે, તે છતાં એક પણ શાખા તરફથી ઓડીટનાં વાંધાના જવાબો રજૂ કરવામાં આવેલ નથી.

## સને ૧૯૭૩-૧૯૭૬ થી ૨૦૦૯-૨૦૧૦ સુધી તા. ૩૧-૩-૨૦૧૨ ની સ્થિતિ

| ક્રમ | | ૭૩-૭૬ | ૭૬-૭૯ | ૭૯-૮૦ | ૮૦-૮૧ | ૮૧-૮૨ | ૮૨-૮૩ | ૮૩-૮૪ | ૮૪-૮૫ | ૮૫-૮૬ | ૮૬-૮૭ | ૮૭-૮૮ | ૮૮-૮૯ | ૮૯-૯૦ | ૯૦-૯૧ | ૯૧-૯૨ | ૯૨-૯૩ | ૯૩-૯૪ | ૯૪-૯૫ | ૯૫-૯૬ | ૯૬-૯૭ | ૯૭-૯૮ | ૯૮-૯૯ | ૯૯-૦૦ | ૦૦-૦૧ | ૦૧-૦૨ | ૦૨-૦૩ | ૦૩-૦૬ | ૦૬-૦૭ | ૦૭-૦૯ | ૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાંધકામ | ૨૬ | ૪૩ | ૧૯ | ૨૩ | ૧૬ | ૧૯ | ૮ | ૧૦ | ૯ | ૯ | ૫ | ૫ | ૯ | ૮૪ | ૧૧૫ | ૨૩ | ૩૧ | ૧૬ | ૩૬ | ૫૩ | ૪૪ | ૩૨ | ૬૫ | ૨૮ | ૧૩ | ૧૧ | ૮ | ૨ | ૬ | ૩ | ૭૭૧ |
| ૨ | વોટર વર્કસ | ૯૨ | ૨૬ | ૯ | ૪ | ૧૫ | ૪ | ૨૩ | ૨૪ | ૩૭ | ૨૨ | ૧૭ | ૧૫ | ૨ | ૬૩ | ૫ | ૯ | ૫ | ૬ | ૭ | ૧૦ | ૯ | ૧૦ | ૧૪ | ૧૬ | ૪ | ૩ | ૬ | ૭ | ૫ | ૩ | ૪૭૨ |
| ૩ | વેરા વસુલાત | ૬ | ૬ | ૨ | ૧ | - | - | ૧ | ૧ | - | ૧ | ૧૭ | ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ | ૧૩ | ૧૨ | ૧૧ | ૪ | ૩ | ૨ | ૫ | ૨ | ૪ | ૫ | ૩ | ૩ | ૧૩૩ |
| ૪ | એકાઉન્ટ | ૨ | ૧૧ | ૮ | ૫ | ૨ | ૧૦ | ૪ | ૬ | ૬ | ૩ | ૩ | ૧૩ | ૧૭ | ૩૧ | ૨૬ | ૨૪ | ૧૭ | ૧૭ | ૧૫ | ૧૫ | ૧૬ | ૧૫ | ૧૭ | ૧૭ | ૧૪ | ૧૫ | ૨૦ | ૧૮ | ૧૮ | ૧૫ | ૪૦૦ |
| ૫ | આરોગ્ય | - | ૧ | - | - | - | ૨ | ૨ | ૩ | ૧ | ૧ | ૩ | ૧૧ | ૨ | ૩ | ૬ | ૧૪ | ૧૦ | ૧૧ | ૨૩ | ૨૮ | ૨૨ | ૧૯ | ૧૭ | ૨૩ | ૧૨ | ૧૨ | ૬ | ૩ | ૬ | ૩ | ૨૪૪ |
| ૬ | ભાદર યોજના | - | - | - | - | - | ૧ | - | - | ૩ | ૨ | ૧ | ૧ | - | ૧ | ૯ | ૧૨ | ૮ | ૧ | ૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૪ | ૧ | ૩ | - | ૩ | ૫ | ૨ | ૬૮ |
| ૭ | રોશની શાખા | - | ૧ | ૨ | - | ૩ | - | ૧ | - | - | - | - | - | ૧ | - | ૭ | ૮ | ૧૧ | ૮ | ૬ | ૧૧ | ૪ | ૮ | ૧૧ | ૧૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૫ | ૩ | ૧૨૮ |
| ૮ | વર્કશોપ શાખા | ૧ | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | - | - | ૧ | - | ૨ | ૧ | ૧ | - | ૧ | ૨ | - | ૧ | - | ૨ | ૧ | ૧ | ૨ | ૪ | ૨ | ૨ | ૨૮ |
| ૯ | સે. સ્ટોર શાખા સ્ટેશનરી | - | - | ૧ | - | - | ૧ | - | ૧ | - | - | - | - | - | ૧ | ૯ | ૨ | ૪ | ૧ | ૬ | ૩ | ૩ | - | ૨ | ૩ | ૩ | ૧ | ૫ | ૨ | ૩ | ૨ | ૫૩ |
| ૧૦ | એ. ડી. એમ. શાખા | - | - | - | - | - | - | ૧ | - | - | ૨ | - | ૧ | ૫ | ૬ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૨ | ૯ | ૩ | ૬ | ૩ | ૪ | ૨ | ૩ | ૩ | ૨ | ૩ | ૨ | ૧૦૪ |
| ૧૧ | એસ્ટેટ શાખા | - | ૪ | - | - | ૧ | - | - | - | - | - | ૧૧ | ૧ | - | - | ૩ | ૧ | ૧ | ૧ | ૨ | - | - | - | - | ૫ | ૪ | ૬ | ૧૩ | ૧૦ | ૭ | ૪ | ૭૪ |
| ૧૨ | ટાઉન પ્લાનીંગ શાખા | - | - | - | - | - | ૪ | - | - | - | - | - | - | ૧ | ૨ | ૨ | ૨ | ૧ | ૩ | ૩ | ૨ | ૧ | ૨ | ૩ | ૨ | ૨ | ૨ | ૩ | ૪ | ૩ | ૨ | ૪૪ |
| ૧૩ | એસ્ટા શાખા | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ | - | ૪ | ૪ | - | - | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૩૩ |
| ૧૪ | માર્કેટ શાખા | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૨ | ૨ | - | ૧ | ૨ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૩ | ૫ | ૩ | ૩ | ૨ | ૩૪ |
| ૧૫ | લીગલ શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૩ | ૩ | ૨ | ૩ | ૧૩ |
| ૧૬ | જકાત શાખા | - | - | - | - | - | ૧ | ૧ | ૧ | - | ૨ | - | ૧ | ૩ | ૨ | ૧૧ | ૫ | ૯ | ૪ | ૪ | ૬ | ૫ | ૭ | ૬ | ૨ | ૨ | ૩ | ૪ | ૪ | ૩ | - | ૮૬ |
| ૧૭ | ફાયર બ્રિગેડ શાખા | - | - | - | - | - | - | - | ૨ | - | ૧ | - | - | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૨ | ૧ | - | ૨ | ૧ | ૭ | ૫ | ૨ | ૪ | ૩ | ૬ | ૪ | ૪૯ |
| ૧૮ | ડ્રેનેજ શાખા | - | - | - | - | - | - | - | ૩ | - | ૧ | - | - | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૩ | ૭ | - | ૩ | ૩ | ૯ | ૫ | ૮ | ૧ | ૫ | ૩ | ૪ | ૩ | ૬૬ |
| ૧૯ | ભાદરયોજના(સીટી.એન્જી) | - | - | - | - | - | - | - | - | ૮ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૫ | ૨ | ૩ | ૨ | ૨૦ |
| ૨૦ | પ્રોજેકટ સેલ | - | - | ૧ | - | - | - | ૧ | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૪ | - | - | - | ૮ |
| ૨૧ | સમાજ અને સા. વિ. શાખા | - | - | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ | - | ૨ | - | - | ૨ | ૩૬ | - | ૭ | - | ૫ | ૧ | ૯ | ૭ | ૬ | ૧ | ૧ | ૧ | ૨ | - | - | - | ૮૪ |
| ૨૨ | સર્વે શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૧ | - | - | - | - | - | ૨ | - | ૨ | ૧ | ૧ | ૩ | - | ૨ | ૨ | ૧૬ |
| ૨૩ | મચ્છુ યોજના | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૨૪ | સ્નાનાગાર શાખા | - | ૧ | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૨ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૬ |
| ૨૫ | પુસ્તક સહાય | - | - | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૨૬ | આઇ. સી. ડી. એસ. શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | ૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૮ |
| ૨૭ | પ્રોજેકટ શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨૧ | ૧ | ૩ | ૩ | ૨ | ૫ | ૫ | ૬ | ૫ | ૫ | ૨ | ૨ | ૪ | ૪ | ૩ | ૨ | ૭૩ |
| ૨૮ | શેઠ હાઇસ્કુલ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૪ | ૩ | ૧ | ૮ | ૩ | ૧ | ૩ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૨ | ૪૦ |

# સને ૧૯૭૩-૧૯૭૬ થી ૨૦૦૯-૨૦૧૦ સુધી તા. ૩૧-૩-૨૦૧૨ ની સ્થિતિ

| ક્રમ | શાખાનું નામ | ૭૩-૭૬ | ૭૬-૭૯ | ૭૯-૮૦ | ૮૦-૮૧ | ૮૧-૮૨ | ૮૨-૮૩ | ૮૩-૮૪ | ૮૪-૮૫ | ૮૫-૮૬ | ૮૬-૮૭ | ૮૭-૮૮ | ૮૮-૮૯ | ૮૯-૯૦ | ૯૦-૯૧ | ૯૧-૯૨ | ૯૨-૯૩ | ૯૩-૯૪ | ૯૪-૯૫ | ૯૫-૯૬ | ૯૬-૯૭ | ૯૭-૯૮ | ૯૮-૯૯ | ૯૯-૦૦ | ૦૦-૦૧ | ૦૧-૦૨ | ૦૨-૦૩ | ૦૩-૦૬ | ૦૬-૦૭ | ૦૭-૦૯ | ૦૯-૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | સરોજીની નાયડુ વિદ્યાલય | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૨ | ૧૨ |
| ૩૦ | એકનાથ હાઇસ્કૂલ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | - | - | - | - | - | - | ૨ | ૨ | ૧ | - | ૨ | ૨ | ૨ | ૨ | ૧૫ |
| ૩૧ | બાંધકામ સેન્ટ્રલ સ્ટોર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૩૨ | બગીચા શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૫ | ૧ | ૩ | - | - | - | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૨૫ |
| ૩૩ | બાલમંદિર શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | - | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૩૪ | વીજીલન્સ શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૪ | ૪ | ૨ | ૨ | ૯ | ૨ | ૨ | ૭ | ૨ | ૫ | ૨ | ૪૩ |
| ૩૫ | શોપ શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૩૬ | પ્રાણી સંગ્રહાલય | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | ૨ | ૧ | ૧ | ૩ | - | ૨ | ૨ | ૧૩ |
| ૩૭ | ચુંટણી શાખા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૩૮ | મ.લ.ક.વિ. | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૧ | - | - | - | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૭ |
| ૩૯ | કોમ્પ્યુટર વિભાગ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | - | ૩ | ૧ | ૧ | ૨ | ૫ | ૨ | ૩ | ૨ | ૨૧ |
| ૪૦ | આવાસ યોજના | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૩ | ૩ | ૨ | ૯ |
| ૪૧ | મહિલા લાયબ્રેરી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૨ | ૧૪ |
| ૪૨ | મુરલીધર વિ. મંદીર (મવડી) | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૦ |
| ૪૩ | સોલીડ વેસ્ટ મે. | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૩ | ૩ | ૪ | ૨ | ૧૨ |
| | કુલ | ૧૨૮ | ૯૪ | ૪૪ | ૩૫ | ૩૭ | ૪૩ | ૪૪ | ૫૪ | ૬૭ | ૪૫ | ૫૯ | ૫૬ | ૫૦ | ૧૯૯ | ૨૯૨ | ૧૫૪ | ૧૩૩ | ૧૦૨ | ૧૪૨ | ૧૬૯ | ૧૪૯ | ૧૩૭ | ૧૮૭ | ૧૬૫ | ૧૦૧ | ૯૬ | ૧૫૫ | ૧૧૫ | ૧૨૭ | ૯૦ | ૩૨૬૯ |

# વિભાગ - ૨

## પ્રકરણ - ૩

### -: મહત્વની તથા સામાન્ય અનિયમીતતાઓ :-

-: અનુક્રમણિકા :-


| ક્રમ | શાખાનું નામ | વિગત | પારા નંબર | પાના નંબર |
|---|---|---|---|---|
| ૧. | સંબંધીત શાખા | પુનરાવર્તીત અનિયમીતતાઓ | ૩ : ૯ | ૨૨ |
| ૨. | હિશાબીશાખા | ઓડીટ રીપોર્ટ માટે ન રજુ થયેલ માહિતિ અંગે | ૩ : ૧૦ | ૨૩ |
| ૩. | વેરા વસુલાત શાખા | ટેકસની બાકી વસુલાત તથા સુધારેલ આકારણી યાદી અંગે. | ૩ : ૧૧ | ૨૪ થી ૨૬ |
| ૪. | લીગલ શાખા | પડતર કોર્ટ કેઈસો અને તેના ખર્ચ અંગે | ૩ : ૧૨ | ૨૭ થી ૨૯ |
| ૫. | આરોગ્ય શાખા | બાકી વસુલાત તથા ફુડ ચેકીંગ અંગે | ૩ : ૧૩ | ૩૦ થી ૩૧ |
| ૬. | આવાસ યોજના | હપ્તાની બાકી વસુલાત, વ્યવસ્થિત હિશાબો રાખવા તથા પડતર ખાલી આવાસો અંગે. | ૩ : ૧૪ | ૩૨ |
| ૭. | વર્કશોપ | સ્ટોર ચકાસણી અંગે | ૩ : ૧૫ | ૩૩ |
| ૮. | સેન્ટ્રલ સ્ટોર | ભૌતિક ચકાસણી અંગે (સ્ટેશનરી) | ૩ : ૧૬ | ૩૪ થી ૩૬ |

# વિભાગ – ૨
# પ્રકરણ – ૩

**૩:૯**

## :: મહત્વની તથા સામાન્ય અનિયમીતતાઓ ::
## પુનરાવર્તિત અનિયમીતતાઓ : સબંધીત શાખાઓ

પ્રતિ વર્ષ ઓડીટ અહેવાલમાં વાંધાઓ લેવાય છે, છતાં નીચે મુજબ જણાવેલ બાબતોમાં અનિયમીતતાઓ પુનરાવર્તિત થતી રહે છે. અથવા તો આ પહેલાંના અહેવાલમાં લક્ષ ખેંચેલ હોવા છતાં તેની પૂર્તતા થયેલ નથી. જે કમિશ્નરશ્રીના ધ્યાન ઉપર ખાસ મુકવામાં આવે છે. ઓડીટે ધ્યાન દોર્યા પછી આ પ્રકારની ક્ષતિઓ કે અનિયમીતતાઓ ફરીવાર થવી ન જોઈએ તે મતલબની દરેક શાખાધિકારીશ્રીઓ કાળજી રાખે અને ખાતાના વડા પણ યોગ્ય સુપરવીઝન રાખે તે મહદઅંશે અનિયમીતતાઓનું પુનરાવર્તન થતું અટકી જશે તો આ દિશામાં યોગ્ય ધ્યાન કેન્દ્રિત કરવા સબંધકર્તાને અનુરોધ થાય છે.

## :: શાખા ::

**હિસાબી શાખા :-**

(૧) કોર્પોરેશનનું આર્થિક સ્થિતિ સંબંધેનું જવાબદારી અને અસ્ક્યામતોનું વાર્ષિક પત્રક તૈયાર ન થવા બાબત.

(૨) માસીક હિસાબ તૈયાર કરીને ઓડીટમાં મોકલાતો ન હોવા અંગે વાઉચરો – ચલણોનું યોગ્ય ફાઈલીંગ ન થવા અંગે.

(૩) કલમ–૧૨૬ મુજબ વાર્ષિક હિસાબી પત્રકો સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થતા નથી અને તેની નકલ એકાઉન્ટન્ટ જનરલશ્રીને નહીં મોકલવા અંગે.

(૪) વાર્ષિક હિસાબ ખુબ જ મોડો તૈયાર થતો હોવા અંગે.

(૫) સસ્પેન્ડ એડવાન્સ તથા એબસ્ટ્રેટ બીલ એડવાન્સના બાકી હિસાબો ચડત થવા અંગે. આ અંગે એકજ મહિનામાં હિસાબો સરભર કરવા, અન્યથા ઉપાડ અધિકારીશ્રીનો પગાર અટકાવવા સુધીની કામગીરી કરવા ભલામણ.

(૬) સ્થાયી પેશગીનો યોગ્ય રીતે હિસાબમેળ ન થવા અંગે.

(૭) અંદાજ પત્રીય અનિયમિતતાઓ ચાલુ રહેવા અંગે.

**તમામ શાખા :-**

(૮) સરકારી અનુદાન/લોનના સમયસર વપરાશ અંગે નિયંત્રણ રાખવા અંગે યોગ્ય રજીસ્ટર નિભાવવા અંગે.

**બાંધકામ શાખા, રોશની શાખા, વોટર વર્કસ શાખા :-**

(૯) સ્ટોર્સની ભૌતિક ખરાય વર્ષ દરમ્યાન ખાતાના વડાએ કરેલ ન હોવા બાબત.

**બાંધકામ :-**

(૧૪) બાંધકામ તથા અન્ય કોન્ટ્રાકટરોના કામોમાં મૂળ એસ્ટીમેન્ટ ઉપરાંત એકસ્ટ્રા આઈટમોનું પ્રમાણ વધતું હોવા અંગે તેમજ અવારનવાર એસ્ટી. રીવાઈજ કરતા હોય તેવા ખામી ભરેલા આયોજન નિવારવા બાબત.

(૧૧) માપપોથીના યોગ્ય હિસાબ તથા મેજરમેન્ટ નોંધાવવામાં કાળજીનો અભાવ હોવા અંગે.

**તમામ શાખાઓ :-**

(૧૨) કેશ તથા સ્ટોર સંભાળતા કર્મચારીના યોગ્ય જામીન મેળવી પ્રતિ વર્ષ હૈયાતી તથા સધ્ધરતાની ખાત્રી મોટા ભાગના કિસ્સાઓમાં ન થતી હોવા અંગે.

(૧૩) ઓડીટમાં રજુ થતા બીલો તૈયાર કરનાર કર્મચારી અને તેમાં સહી કરનાર અધિકારીની બેદરકારીના વધતા જતા કીસ્સાઓ અંગે.

## :: હિસાબી શાખા ::

## રજૂ ન થયેલ માહિતી અંગે

સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માટેના ઓડીટ અહેવાલ તૈયાર કરવા માટે હિશાબી શાખા પાસેથી નીચે મુજબની વિગતો માંગવામાં આવેલ હતી.

(૧) કોર્પોરેશનનું વાર્ષિક હિશાબી પત્રક

(૨) સરકારી અનુદાનોનું પત્રક

(૩) ચેક રીટર્ન પત્રક

(૪) તા. ૩૧/૩/૧૨ની સ્થિતિએ કોર્પો.એ કરેલ રોકાણોનું પત્રક

(૫) કોર્પોરેશને લીધેલ લોનની જવાબદારીઓનું પત્રક

(૬) ઉચક બીલથી ઉપાડેલ રકમના પાકા ખાતે પાડવાના બાકી હિશાબોની વિગત.

હિશાબી શાખા પાસેથી માંગેલ ઉપરોક્ત માહિતી ઓડીટ અહેવાલના હાર્દ સમાન છે. જેના વગર રીપોર્ટ અધુરો ગણાય. ઉપરોક્ત માહિતી મેળવવા માટે અત્રેથી નીચે મુજબનાં પત્રો/સ્મૃતિ પત્રો લખવામાં આવેલ છે.

**૨૦૧૦-૧૧ માટે લખેલ પત્રોની વિગત**

| ક્રમ | ઓડીટ જા. નં. | તારીખ |
|---|---|---|
| ૧ | ૮૨ | ૨૩-૧૧-૨૦૧૧ |
| ૨ | ૧૪૪ | ૨૭-૩-૨૦૧૨ |
| ૩ | ૩૯ | ૫-૬-૨૦૧૨ |
| ૪ | ૧૨૭ | ૧-૧૧-૨૦૧૨ |
| ૫ | ૧૮૯ | ૨૮-૧-૨૦૧૩ |

**૨૦૧૦-૧૨ માટે લખેલ પત્રોની વિગત**

| ક્રમ | ઓડીટ જા. નં. | તારીખ |
|---|---|---|
| ૧ | ૯૧ | ૨૩-૮-૨૦૧૨ |
| ૨ | ૧૨૮ | ૧-૧૧-૨૦૧૨ |
| ૩ | ૧૮૯ | ૨૮-૧-૨૦૧૩ |

ઉપરોક્ત પત્રો/સ્મૃતિ પત્રો ઉપરાંત ફોન દ્વારા અને રૂબરૂ જઈને ઉઘરાણી કરવા છતાં આજ સુધી ઉપરોક્ત બંને વર્ષની માહિતી ઓડીટને આપવામાં આવેલ નથી. જેના કારણે ઓડીટ રીપોર્ટ સમયસર પ્રસિદ્ધ કરી શકાયેલ નથી. જે ઘણી જ ગંભીર બાબત ગણી શકાય.

ખરેખર પ્રથમ પત્ર મળ્યેથી જ દિવસ-૭માં માહિતી મોકલી આપવાની હોય છે. પરંતુ જાણે અજાણે ઓડીટે માંગેલ માહિતી સમયસર આપવામાં ઉપેક્ષા સેવવામાં આવે છે. હવે પછી ઓડીટ રીપોર્ટની માહિતી સમયસર આપવામાં આવે તે માટે હિશાબી શાખાને ખાસ સૂચના આપવા કમિશ્નરશ્રીને અનુરોધ છે.

3 : ૧૧

## :: વેરા વસુલાત શાખા ::

શાખાનું મુખ્ય કાર્ય શહેરમાં આવેલ મિલ્કતોની આકારણી કરી મિલ્કત વેરો તથા પાણી ચાર્જની વસુલાત કરવાનું છે.

વાર્ષિક ઓડીટ રીપોર્ટ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ તૈયાર કરવા માટે ટેક્સ શાખા પાસેથી કુલ આઠ પત્રકોમાં માહિતી માંગવામાં આવેલ હતી. જે પૈકી ૨૦૧૦-૧૧ ની ચાર અને ૨૦૧૧-૧૨ ની ત્રણ પત્રકોની માહિતી આપેલ છે. જ્યારે બન્ને વર્ષ દરમ્યાનની મહત્ત્વની વિગત જેવી કે સુધારેલ આકારણી યાદી, નળ કનેક્શનની મોટી રકમની બાકી, પરત ફરેલ ચેકોની વસુલાતની વિગતો તેમજ રૂા. ૫૦૦૦૦/-થી વધુ રકમ બાકી હોય તેવા કિસ્સાઓની વિગત ઓડિટને મળેલ નથી. જે કોર્પોરેશનના આર્થિક હિતને સ્પર્શે છે.

(૧) મિલ્કત વેરો

રકમ રૂા. લાખમાં દર્શાવેલ છે.

| વર્ષ | વર્ષની શરૂની બાકી | વર્ષ દરમ્યાન ઉમેરો | એડ.જમા થયેલ રકમ | કુલ બાકી | પાછલી બાકી પૈકી આવેલ વસુલાત | ચાલુ વર્ષની આવેલ વસુલાત | એડ. જમા થયેલ રકમ | કુલ વસુલાત | વર્ષાન્તે કુલ બાકી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦/૧૧ | ૨૩૯.૮૩ | ૧૦૦.૩૭ | ૨.૩૪ | ૩૩૭.૮૬ | ૬૮.૪૬ | ૫૧.૦૫ | ૦૦.૨૬ | ૧૧૯.૭૭ | ૨૧૮.૦૯ |
| ૨૦૧૧/૧૨ | ૨૩૭.૫૩ | ૧૧૯.૬૧ | ૨.૮૯ | ૩૫૪.૨૫ | ૪૯.૧૧ | ૭૬.૪૨ | ૦૦.૨૨ | ૧૨૫.૭૫ | ૨૨૮.૫૦ |
| | પાણી ચાર્જ | | | | | | | | |
| ૨૦૧૦/૧૧ | ૭૨.૮૭ | ૨૩.૨૩ | ૦૦.૦૩૮ | ૯૬.૦૬ | ૮.૩૮ | ૯.૦૦ | ૦૦.૦૨૩ | ૧૭.૪૦ | ૭૮.૬૬ |
| ૨૦૧૧/૧૨ | ૮૩.૬૧ | ૨૪.૦૭ | ૦૦.૦૫૧ | ૧૦૭.૬૨ | ૪.૫૯ | ૧૧.૭૭ | ૦૦.૧૦ | ૧૬.૩૭ | ૯૧.૨૫ |

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૧-૧૨ ના અંતે મિલ્કત વેરા પેટે બાકી રકમ | રૂા. ૨૨૮.૫૦ |
| વર્ષ ૨૦૧૧-૧૨ ના અંતે પાણી ચાર્જ પેટે બાકી રકમ | રૂા. ૯૧.૨૫ |
| મિલ્કત વેરો + પાણી ચાર્જ કુલ બાકી | રૂા. ૩૧૯.૭૫ |

નાણાકીય વર્ષના અંતે તા. ૩૧/૩/૨૦૧૨ના રોજ મિલ્કત વેરો તથા પાણી ચાર્જના રૂા. ૩૧૯.૭૫ વસુલવાના બાકી છે આ આવકનો મુખ્ય સ્ત્રોત હોય વસુલાતમાં ગતી/પ્રગતિ દર્શાવવી કોર્પો.ની આર્થિક સ્થિતિ સદ્ધર બનાવવા ઓડિટને અનુરોધ છે.

(૨) મિલ્કત વેરાની સુધારેલ આકારણી યાદી તૈયાર કરવા અંગે.

બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૧૨૯ તથા પ્રકરણ-૮ હેઠળ કરવેરાના નિયમોના નિયમ-૯ તથા ૨૧(૨) મુજબ મિલ્કત વેરાની આકારણી યાદી દર ચાર વર્ષે રીવાઈઝ કરવાનું ઠરાવેલ છે. છેલ્લે કયા વોર્ડમાં અને કયા વર્ષે સુધારેલ આકારણી યાદી તૈયાર થયેલ છે. તેની વિગત ટેક્સ શાખા પાસેથી માંગવામાં આવેલ પરંતુ આ વિગત ઓડિટને મળેલ નથી જે ઘણી જ ગંભીર બાબત છે. ઘણા વર્ષોથી સુધારેલ આકારણી યાદી તૈયાર કરવામાં આવેલ નથી.

કોર્પોરેશન દ્વારા શહેરમાં હાથ ધરાતા કરોડો રૂપિયાના વિકાસ કામો, શહેરને પાણી પૂરું પાડવા માટે થતા કરોડો રૂપિયાના ખર્ચ અને વધતા જતા મહેકમ ખર્ચની સામે મિલ્કત વેરાની વસુલાત જુની આકારણી મુજબ થાય છે. જે મુદ્દે વસુલાતમાં અસમાનતા દર્શાવેલ છે. શહેરમાં ઊભી થતી નવી મિલ્કતો તથા કરવામાં આવતા સુધારા વધારા અને મિલ્કતોના ઉપયોગમાં થતાં હેતુફેરના કારણે વેરા આકારણીના દરમાં થતાં સુધારા ન કરીને કોર્પોરેશનને આવકનો વધારો ગુમાવેલ છે. જેથી અસામાન્ય આર્થિક નુકશાન સહન કરવું પડેલ છે.

(૩) <u>પરત કરેલ ચેક અંગે</u>

કોર્પોરેશનમાં ચેકથી વેરો ભરપાઈ કરતા આસામીઓના બેંકમાંથી કોઈપણ કારણસર અહેવાલના વર્ષો દરમ્યાન કેટલા આસામીના ચેક પરત કરેલ છે. તેમની પાસે વેરાની રકમની વ્યાજ સહીત વસુલાત થયેલ છે કે કેમ ? તે વિગત માંગવામાં આવેલ હતી. શાખા દ્વારા ૨૦૧૧-૧૨ માટે આવા પરત ફરેલ ચેકોનું લીસ્ટ રજૂ થયેલ છે. જે ચકાસતા કુલ ૫૦૪ આસામીઓના વેરા ભરપાઈના ચેક પરત થયેલ છે. જે અંગે (૧) સંબંધિત આસામી પાસેથી બાકી વેરાની રકમ વ્યાજ સહિત વસુલ થયેલ છે કે કેમ ? (૨) ચેક રીટર્ન થવાના કિસ્સામાં કોર્પોરેશન દ્વારા સંબંધિતની સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે કાયદાકીય કાર્યવાહી હાથ ધરેલ જણાતી નથી આ બાબત ઘણી જ ગંભીર જણાય છે. કમિશ્નરશ્રીનું આ મુદ્દા પરત્વે અંગત ધ્યાન દોરવામાં આવે છે.

(૪) <u>પેડીંગ વાંધા અરજીઓના નિકાલ અંગે</u>

મિલ્કત વેરાની આકારણી સામે આવેલ વાંધા અરજીઓ પૈકી તા. ૩૧/૩/૧૨ની સ્થિતિએ પેન્ડીંગ વાંધા અરજીઓની સંખ્યા નીચેી મુજબ હતી.

| એક વર્ષથી પેન્ડીંગ | બે વર્ષથી પેન્ડીંગ | ત્રણ વર્ષથી પેન્ડીંગ | પાંચ વર્ષથી પેન્ડીંગ | કુલ |
|---|---|---|---|---|
| ૩૪૪ | ૧૮૪ | ૧૭૧ | ૧૯૮ | ૮૯૭ |

ઉપરોક્ત વિગત જોતા મિલ્કત વેરાની આકારણી સામે આવેલ વાંધા અરજી લાંબા સમયથી પેન્ડીંગ છે. વાંધા અરજીઓના નિકાલ માટે એપેલેટ ઓથોરીટીની સમયસર નિમણુંક ન થવાના કારણે કોર્પોરેશનની વેરાની આવકની ગતી ધીમી રહેવા પામેલ છે. આ બાબતે તાત્કાલીક વાંધા અરજીઓના નિકાલની કામગીરી હાથ ધરવા અનુરોધ છે.

(૫) <u>બાકી કેઈસો અંગે</u>

મિલ્કત વેરો ભરપાઈ ન કરવા અંગે ચાલતા કોર્ટ કેઈસોની વિગત નીચે મુજબ છે.

| તા. ૩૧/૩/૧૨ ની સ્થિતિએ બાકી કેઈસો | ૧ વર્ષથી પેન્ડીંગ કેઈસો | ૨ વર્ષથી પેન્ડીંગ કેઈસો | ૩ વર્ષથી પેન્ડીંગ કેઈસો | ૪ વર્ષથી પેન્ડીંગ કેઈસો |
|---|---|---|---|---|
| ૧૧૭૪ | ૧૧૦૫ | ૧૧૪૫ | ૧૨૨૪ | ૧૩૯૪ |

મિલકત વેરા અંગે ચાલતા કોર્ટ કેઈસોની સંખ્યા વધારે કહી શકાય અને ઉપર દર્શાવ્યા મુજબ ઘણા લાંબા સમયથી આ કેઈસો ચાલે છે. આ મુદ્દો કોર્પો.ના આર્થિક હિતને સ્પર્શતો હોય શક્ય એટલો ઝડપથી કેઈસો ચલાવવામાં આવે તે ખાસ જરૂરી છે. આ માટે લોક અદાલતનો પ્રયોગ પણ કરી શકાય.

(૬) <u>રૂા. ૫૦,૦૦૦ કે તેથી વધુ બાકી લેણાના કિસ્સાઓ અંગે</u>

રૂપિયા પચાસ હજાર કે તેથી વધુ બાકી લેણાના કિસ્સાઓ અંગે ટેક્સ શાખા પાસેથી વિગત માંગવામાં આવેલ હતી પરંતુ આ માહિતી ઓડીટને મળેલ નથી. જેથી તે અંગે કોઈ રીમાર્કસ આપી શકાય તેમ નથી.

આમ ઉપરોક્ત મુદ્દાઓ ધ્યાને લેતા જણાય છે કે જકાતની આવક બંધ થયા પછી કોર્પોરેશનનો મુખ્ય આવકનો સ્ત્રોત મિલકત વેરા પર નિર્ભર છે અને તેમાં સુધારેલ આકારણી યાદી સમયસર ન બનાવવી, વસુલાતમાં શીથીલતા કોર્પોરેશનને પરવડે તેમ નથી. આમ મિલકત વેરાની સુધારેલ આકારણી યાદી સત્વરે તૈયાર કરવા, પેન્ડીંગ વાંધા અરજીઓ, કોર્ટ કેઈસોન સતવરે નીકાલ લાવવા અને મોટી રકમના બાકી લેણા અંગે કડક વસુલાતની કાર્યવાહી હાથ ધરવા ઓડીટને અનુરોધ છે.

# :: લીગલ શાખા ::

## પડતર કોર્ટ કેઈસો અંગે

કોર્પોરેશન હસ્તકના જુદા જુદા પ્રકારના સને ૨૦૧૦–૧૧ થી ૨૦૧૧–૧૨ દરમ્યાન છેલ્લા બે વર્ષમાં કેટલા કોર્ટ કેઈસો બાકી છે અને તે અંગે એડવોકેટશ્રીઓને ચૂકવેલ ફી અંગેની વિગતો માંગવામાં આવતા લીગલ શાખા દ્વારા મળેલ માહિતી આ સાથેના પત્રકમાં સામેલ છે. વિગતો જોતા જણાય છે કે,

(૧) વર્ષની શરૂઆતમાં એટલે કે ૨૦૧૦–૧૧ ની શરૂમાં ૪૧૮૪ કેઈસો પેડીંગ હતાં. ઓડીટ અહેવાલના વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૧–૧૨ દરમ્યાન ૨૦૫ નવા દાવાઓ ઉમેરાતા દાવાઓની કુલ સંખ્યા ૪૩૮૯ થઈ હતી. જે પૈકી બન્ને વર્ષ દરમ્યાન માત્ર ૩૪૬ દાવાઓનો જ નિકાલ થયેલ છે. સને ૨૦૧૧–૧૨ના અંતે ૪૦૪૩ દાવાઓ બાકી રહેવા પામેલ છે. બાકી રહેલ દાવાઓની સંખ્યા ગણનાપાત્ર વધુ કહી શકાય અને દાવાઓના નિકાલની ગતી ખૂબ જ ધીમી ગણી શકાય.

(૨) બાકી રહેલ ૪૦૪૩ દાવાઓ પૈકી ૧૪૭૨ દાવાઓ દિવાની છે. અને મ્યુનિ. હા. ટેક્સ અપીલો ૧૧૦૨ છે. જે જોતા કોર્પોરેશનના કરવેરાની સારી એવી રકમ રોકાઈ જવા પામેલ છે. જે કોર્પોરેશનના આર્થિક હિતને નુકશાન કરતા છે. જે જે કિસ્સાઓમાં કોર્પોરેશનની આવક રોકાઈ જવા પામી છે. તેવા કેસોને પ્રાધાન્ય અપાય અને તેનો વહેલાસર નીકાલ કરવામાં આવે તે માટે ઘટતી કાર્યવાહી સમયસર કરવા સૂચન છે. બન્ને વર્ષ દરમ્યાનની ૧૧૪૭ મ્યુનિ. અપીલો પૈકી માત્ર ૧૦૧નો નિકાલ થયેલ છે. જે નહીવત કામગીરી ગણી શકાય. આમ પડતર કોર્ટ કેઈસોના નિકાલ માટે ગંભીરતાથી કોઈ પ્રયત્નો થતા હોય તેમ જણાતું નથી. અને આ બાબત કોર્પો.ની આર્થિક સ્થિતિને ખુબ જ ગંભીર અસર કરે છે.

(૩) બંને વર્ષ દરમ્યાન ૧૦ કેઈસોનો કોર્પોરેશનના ગેરલાભમાં નિકાલ થયેલ છે. તેટલે અંશે કોર્પોરેશનનું હીત જોખમાયું છે આ કેઈસોમાં કોર્પોરેશનની તરફેણમાં ચૂકાદો ન આપવાના વ્યાજબી કારણો હતા કે કેમ ? અને જે તે જજમેન્ટ સામે કોર્ટમાં અપીલ દાખલ કરવા માટેના પ્રયત્નો સમયસર થયા હતા કે કેમ ? આ બાબત કર્મચારી કે અધિકારીની નિષ્કાળજીને કારણે બનવા પામેલ હોય તો તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રહે છે.

(૪) કાનુની કાર્યવાહી માટે બન્ને વર્ષ દરમ્યાન માત્ર એડવોકેટશ્રીઓને જ કોર્પોરેશન દ્વારા રૂા. ૨૬,૩૦,૧૫૯/– ફી પેટે ચુકવવામાં આવેલ છે. છતાં પણ પડતર કેઈસોનો નિકાલ આવતો નથી. હવે કોર્પોરેશનમાં લાંબા સમયથી પડતર કેઈસોનો જલ્દીથી નિકાલ થાય તે દિશામાં લીગલ એડવાઈઝરના સાથ સહકારથી સઘન પ્રયત્નો હાથ ધરી પ્રગતી હાંસલ કરવા અનુરોધ છે.

બન્ને વર્ષ દરમ્યાન એડવોકેટશ્રીઓને ચુકવેલ ફી, કર્મચારી, અધિકારીઓના પગાર ભથ્થા અને પ્રવાસ ભથ્થા, સાદીલવાર તેમજ વહીવટી ખર્ચ વગેરે ધ્યાને લેતા પ્રમાણમાં કામગીરી નહીંવત્ ગણી શકાય. પેન્ડિંગ કેઈસો ઘણાં છે, જેમાં અમુક તો ઘણાં લાંબા સમયથી ચાલતા હશે કુલ ૪૦૪૩ કેઈસો પેન્ડિંગ છે. આનો નિકાલ સમાધાનથી આવે તે માટે લોક અદાલતનો પણ પ્રયોગ કરી શકાય. વહેલી તકે કેઈસોનો નિકાલ કરવા ખાસ ભલામણ છે.

**માહિતી ન મળવા અંગે :–**

ઓડીટ રીપોર્ટ તૈયાર કરવા માટે લીગલ શાખા પાસેથી કુલ ત્રણ પત્રકોમાં માહિતી માંગવામાં આવેલ હતી. જેમાં પત્રક (૧) પડતર કોર્ટ કેઈસોની વિગતો, પત્રક (૨) પડતર કેઈસોની દાખલ તારીખ, થયેલ પ્રગતી અને આજ સુધીમાં દરેક કેઈસ પાછળ થયેલ ખર્ચની માહિતી માંગેલ, જ્યારે પત્રક (૩) માં

મકાન વેરા અંગેના ચાલુ દાવાઓની વિગતો જેવી કે કેઈસની દાખલ તારીખ થયેલ પ્રગતી અને રોકાયેલ વ્યાજ સહિતની રકમની વિગતો માંગેલ.

ઉપરોક્ત ત્રણ પત્રકો પૈકી પ્રથમ પત્રક (૧) પડતર કોર્ટ કેઈસોની સંખ્યાની વિગતો આપેલ છે. જેની અત્રે સમીક્ષા આપેલ છે. જ્યારે બાકીના બે પત્રકોથી માંગેલ મહત્વની વિગતો કે જે કોર્પોરેશનના આર્થિક હિતને સ્પર્શે છે તેવી અગત્યની માહિતી ઓડિટને પુરી પાડવામાં આવેલ નથી. જેથી તે અંગે ઓડીટ રીમાર્કસ આપી શકાયેલ નથી.

ઉપરોક્ત મહત્ત્વની વિગતો ન આપવાના કારણો જણાવવા તથા હવે પછી તુરત જ આ માહિતી પુરી પાડવામાં આવે તે અંગે સૂચના આપવા કમિશ્નરશ્રીને અનુરોધ છે.

## લીગલ શાખા

### પડતર કોર્ટ કેઇસોની વિગતો ૨૦૧૦-૨૦૧૧ થી ૨૦૧૧-૨૦૧૨ સુધી

| ક્રમ | કોર્ટ કેઇસનો પ્રકાર | આગળના વર્ષના બાકી કેઇસો | | વર્ષ દરમ્યાન નવા દાખલ થયેલ કેઇસો | | કુલ કેઇસોની સંખ્યા | | લાભમાં નીકાલ | | ગેરલાભમાં નીકાલ | | વિથ ડ્રો | | કુલ નીકાલ થયેલ કેઇસો | | વર્ષાન્તે બાકી રહેલ કેઇસો | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | વર્ષ | |
| | | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | ૧૦/૧૧ | ૧૧/૧૨ | |
| ૧ | સીવીલ કોર્ટ (દિવાની) | ૧૫૦૦ | ૧૪૯૩ | ૩૨ | ૨૧ | ૧૫૩૨ | ૧૫૧૪ | ૩૧ | ૨૫ | – | – | ૮ | ૧૭ | ૩૯ | ૪૨ | ૧૪૯૩ | ૧૪૭૨ | |
| ૨ | ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ૫૪૭ | ૫૫૭ | ૨૧ | ૧૮ | ૫૬૮ | ૫૭૫ | ૧૧ | ૨૦ | – | – | – | – | ૧૧ | ૨૦ | ૫૫૭ | ૫૫૫ | |
| ૩ | હાઈકોર્ટ | ૬૨૦ | ૬૩૨ | ૩૩ | ૩૮ | ૬૫૩ | ૬૭૦ | ૨૧ | ૪૪ | – | ૪ | – | – | ૨૧ | ૪૮ | ૬૩૨ | ૬૨૨ | |
| ૪ | લેબર કોર્ટ અને ઔ. ટ્રીબ્યુનલ | ૨૯૩ | ૨૮૫ | ૩ | ૧૫ | ૨૯૬ | ૩૦૦ | ૯ | ૧ | ૨ | ૪ | – | ૩ | ૧૧ | ૮ | ૨૮૫ | ૨૯૨ | |
| ૫ | મ્યુ. ટેક્સ અપીલ | ૧૨૨૪ | ૧૧૪૫ | ૨૨ | ૨ | ૧૨૪૬ | ૧૧૪૭ | ૧૦૧ | ૪૫ | – | – | – | – | ૧૦૧ | ૪૫ | ૧૧૪૫ | ૧૧૦૨ | |
| | | ૪૧૮૪ | ૪૧૧૨ | ૧૧૧ | ૯૪ | ૪૨૯૫ | ૪૨૦૬ | ૧૭૩ | ૧૩૫ | ૨ | ૮ | ૮ | ૨૦ | ૧૮૩ | ૧૫૩ | ૪૧૧૨ | ૪૦૪૩ | |
| | | ૪૧૮૪ | | ૨૦૫ | | | ૪૩૮૯ | | | | | | | ૩૪૬ | | | | |

## :: આરોગ્ય શાખા ::

## વસુલાત તથા ફુડ ચેકીંગ અંગે

વાર્ષિક ઓડીટ અહેવાલ વર્ષ ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ તૈયાર કરવા માટે આરોગ્ય શાખા દ્વારા કરવામાં આવેલ તમામ પ્રકારની વસુલાત તેમજ ફુડ લાયસન્સ અંગેની વિગતો માંગવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં આરોગ્ય શાખા દ્વારા સંપૂર્ણ વિગતો આપવામાં આવેલ નથી. છતાં જે વિગતો, આંકડાઓ મળેલ છે. તે અંગે નીચે મુજબ ઓડીટ રીમાર્કસ આપેલ છે.

(૧) વસુલાત (આવક) અંગે. (છેલ્લા ત્રણ વર્ષના આંકડાઓ)

| વર્ષ | ફુડ લાયસન્સ વસુલાત | લગ્ન નોંધણી વસુલાત | જન્મ/મરણ નોંધણી વસુલાત |
|---|---|---|---|
| ૨૦૦૯/૧૦ | ૨૦૯૬૬૧ | ૧૫૨૨૬૦ | ૩૭૨૭૪૫/- |
| ૨૦૧૦/૧૧ | ૨૧૧૬૫૦ | ૧૩૮૦૨૦ | ૪૨૩૫૬૧/- |
| ૨૦૧૧/૧૨ | ૩૦૪૨૨૫ | ૧૮૬૦૭૪ | ૬૬૪૫૯૫/- |

ફુડ વિભાગ તરફથી મળેલ વસુલાતના આંકડાઓ તપાસતા જણાય છે કે ૨૦૦૯/૧૦ કરતા ૨૦૧૦-૧૧ માં માત્ર રૂા. ૧૯૮૯/- રૂપિયાનો જ વધારો થયેલ છે. દિવસે દિવસે શહેરનો વિકાસ થવાની સાથે રોજ નવા, નવા રેસ્ટોરા, નાસ્તા ગૃહો, હોટલો વગેરે ખુલી રહ્યા છે. છતાં ફુડની આવકનું પ્રમાણ વધતુ નથી આ અંગે પુરતું લક્ષ આપી ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

આરોગ્ય શાખા દ્વારા આવેલ માહિતીમાં તમામ આવકોનો સમાવેશ થયેલ નથી. ઈન્ડ. લાયસન્સ કતલખાના વસુલાત વગેરેની માહિતી આપેલ નથી. ઉપરાંત ફુડ અને ઈન્ડ. લાયસન્સની વસુલાતની ડીમાન્ડ કેટલી હતી અને વર્ષ દરમ્યાન કેટલી વસુલાત આવેલ છે અને કેટલી બાકી છે. તેની વિગત માંગેલ. માંગણાની બાકી રકમ વર્ષો વર્ષે ખેંચાતી આવે તે રીતે હિશાબો રાખવા જોઈએ. તો હવે પછી આ અંગેની કામગીરી કરતા અને હિશાબો રાખતા કર્મચારીઓને સુચના આપવી. ફુડ લાયસન્સ ન લેતા અને રીન્યુ ન કરાવતા આસામીઓ સામે નોટીસ દંડની કાર્યવાહી કરવી. જેથી કોર્પો.ની આવકમાં વધારો થાય અને વેપારીઓ કાયદાનું પાલન કરતા થાય.

(૨) ફુડ ચેકીંગ અંગે.
છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ફુડ ચેકીંગના કિસ્સાઓની વિગત

| ક્રમ | વર્ષ | વર્ષ દરમ્યાન લીધેલ નમુનાની સંખ્યા | લેબ.માં મોકલેલ નમુનાની સંખ્યા | નાપાસ થયેલ નમુનાની સંખ્યા | નાપાસ થયેલ કેસોની સંખ્યા | થયેલ દંડ કે સજાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૧૫૭ | ૧૫૭ | ૧૬ | ૧૬ | ૪ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૧૦૫ | ૧૦૫ | ૯ | ૯ | ૦ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૧૧૪ | ૧૧૪ | ૯ | ૯ | ૦ |

ઉપરોક્ત વિગત ચકાસતા જણાય છે કે સતર લાખથી વધુ લોકોના આરોગ્યનું જતન કરાવતા અને આરોગ્ય સાથે એડા રોકવાની જવાબદારી સંભાળતા ફુડ વિભાગની કામગીરી અત્યંત નબળી હોવાનું તારણ નીકળે છે. વર્ષ-૨૦૧૦-૧૧ દરમ્યાન માત્ર ૧૦૫ ફુડના નમુના લીધેલ છે. જેમાં ૯ ઉપર કેશ થયેલ છે. આમાંથી કોઈને પણ દંડ કે સજા થયેલ નથી. એ જ રીતે ૨૦૧૧-૧૨ દરમ્યાન ૧૧૪ નમુના લીધેલ છે. તેમાં પણ ૯ સામે કેશ થયેલ છે અને કોઈને પણ દંડ કે સજા થયેલ નથી.

શહેર અને વસ્તીનો વ્યાપ જોતા નહીવત્ પ્રમાણમાં જ ફુડના નમુનાઓ લેવામાં આવેલ છે અને બે વર્ષ દરમ્યાન કોઈને પણ દંડ કે સજા થયેલ નથી. આવી પરિસ્થિતિમાં ભેળશેળ કરનારાઓને મોકળુ મેદાન મળી જાય છે. અને તેમના ઉપર કોઈ કાયદાની ધાક રહેતી નથી. લોકો ભયંકર રોગોના ભોગ બને છે. ફુડ વિભાગમાં શહેરની વસ્તીના પ્રમાણમાં ફુડ ઈન્સ્પેક્ટરનો સ્ટાફ હોવો જરૂરી છે. અપુરતો સ્ટાફ હોય તો ખાલી જગ્યાઓ તાત્કાલીક ભરીને કે ઉપસ્થિત કરીને ફુડ ચેકીંગની કામગીરીનો વ્યાપ વધારવો જોઈએ. આ માટે સઘન પ્રયત્નો તાત્કાલીક હાથ ધરી નાગરીકોને શુદ્ધ ખાદ્ય પદાર્થો મળી રહે અને આરોગ્ય જોખમાય નહી તે અંગે તકેદારી રાખવા ખાસ સુચન છે.

શહેરમાં સારા માઠા પ્રસંગોએ ભોજનની વ્યવસ્થા કરી આપતી સંસ્થાઓ (કેટરસ)ની સંખ્યા કુદકેને ભુસકે વધતી જાય છે. આવી સંસ્થાઓની નોંધણી ફરજીયાત બનાવવી જોઈએ અને તેને લાયસન્સ ઈસ્યુ કરવા જોઈએ. દરેક પ્રસંગની કોર્પોરેશનમાં નોંધણી સાથે ફી વસુલવી જોઈએ. જેથી ફુડ ઈન્સ્પેક્ટર ગમે ત્યારે ઓચિંતા જઈને ચેકીંગ કરી શકે આ પ્રથાથી કોર્પોરેશનની આવકમાં પણ વધારો થશે અને વાસી ભેળસેળ યુક્ત અને આરોગ્યને નુકશાન કરતાં કલરના ઉપયોગ ઉપર લગામ આવશે આ અંગે અગાઉના ઓડીટ રીપોર્ટમાં પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. પણ તેનો અમલ થયેલ હોય તેમાં જણાતું નથી. આ અગત્યની બાબત ધ્યાને લઈ તેનો અમલ કરાવવા ખાસ વિનંતી છે.

ઉપરાંત શહેરમાં આવેલ હોટેલો - રેસ્ટોરા, નાસ્તા ગૃહોના કિચનના દરવાજા બહારથી ગ્રાહકો જોઈ શકે તેવા પારદર્શક કાચના હોવા જોઈએ જેથી લોકો જોઈ શકે કે સ્વચ્છતાનું પ્રમાણ કેટલું જાળવવામાં આવે છે અને માલીકોને પણ સ્વચ્છતાનું ધોરણ જાળવવાની ફરજ પડશે.

આમ ઉપર દર્શાવ્યા મુજબ બાકી વસુલાત તેમજ ડીમાન્ડ અંગેની જાણકારી મળી રહે તે મુજબ હિશાબો રાખવા અને ફુડ વિભાગની નબળી કામગીરી અંગે અગાઉના રીપોર્ટમાં પણ ઉલ્લેખ કરેલ છે. પરંતુ કોઈ અમલ થયેલ નથી હવે પછી આ અંગે ઘટતી કાર્યવાહી કરવા ઓડીટનો અનુરોધ છે.

૩:૧૪

# આવાસ યોજના

ઓડીટ અહેવાલ ૨૦૧૦-૧૧ સને ૨૦૧૧-૧૨ માટે શાખા દ્વારા મળેલ માહિતીના આધારે સમીક્ષા કરતા નીચે મુજબ ઓડીટ રીમાર્કસ આપવાના થાય છે.

(૧) વર્ષ - ૨૦૧૧-૧૨ માટે આવાસ યોજના બી.એસ.યુ.પી.-૧ અને બી.એસ.યુ.પી.-૨ની વસુલાતની વિગત આપેલ છે. જેમાં બન્ને યોજનાની વર્ષ દરમ્યાનની વસુલાત રૂા. ૧,૨૮,૫૪,૪૦૦/- કરવાની હતી. તેની સામે રૂા. ૮૪,૧૨,૬૩૦/- ની વસુલાત આવેલ છે. જે વર્ષની કુલ વસુલાતના ૬૫.૪૫% થાય છે. આમ ૩૪.૫૫% વસુલાત બાકી રહેલ છે. ઉપરાંત અગાઉના વર્ષોની વસુલાત કેટલી બાકી છે. તેની વિગત ઓડીટને મળેલ નથી જેથી તે અત્રે દર્શાવી શકાયેલ નથી. આનો અર્થ એ થાય કે જે આસામીઓ પોતાની મેળે આવાસ યોજનાના હપ્તા ભરે છે. તે જ વસુલાત આવે છે. જે નથી ભરતા કે અનીયમીત રીતે ભરે છે. તે માટે વસુલવાના શું પ્રયત્નો થયેલ છે ? તે અંગે સ્પષ્ટતા કરવી બાકી લેણા માટે કડક કાર્યવાહી કરવા વિનંતી.

(૨) ઉપરાંત બન્ને આવાસ યોજનામાં કબ્જો ન સંભાળેલ હોય તેવા મકાનોની સંખ્યા ૨૨૯૮ દર્શાવેલ છે. આવાસો ખાલી રહેવાના શું કારણો છે ? તે દર્શાવી સ્પષ્ટતા કરવી અને આવા કબ્જો ન સંભાળેલ આવાસોની નિમયાનુસાર કાર્યવાહી પૂર્ણ કરી બાકી પેન્ડીંગ લીસ્ટના અરજદારોને શા માટે ફાળવવામાં આવેલ નથી ? આ અંગે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ ? વિગતવાર માહિતી ઓડીટમાં રજુ કરવી.

ઉપરોક્ત મોટી રકમની બાકી વસુલાત તેમજ ખાલી આવાસો સોંપવામાં વિલંબ વગેરેના કારણે કોર્પોરેશનને આર્થિક નુકશાન થાય છે તે ધ્યાને લઈ આ અંગે સત્વરે કાર્યવાહી કરવા વિનંતી.

**૩:૧૫**

# વર્કશોપ

ઓડીટર શાખા દ્વારા વર્કશોપ હસ્તકના સ્ટોરમાં રહેલ ઓઈલ, ગ્રીસ વગેરેની ઓચીંતી ભૌતિક ચકાસણીની કાર્યવાહી તા. ૨/૫/૨૦૧૧ના રોજ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન નીચે મુજબ ઘટ્ટ માલુમ પડેલ છે.

| ક્રમ | આઈટમનું નામ | રજીસ્ટર મુજબ જથ્થો | ખરેખર રહેલ જથ્થો | વધ/ઘટ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ગીયર ઓઈલ | ૩૦૪ કીલો | ૩૦૩ કીલો | ૧ કીલો ઘટ | |
| ૨ | એન્જીન ઓઈલ | ૨૧૬ કીલો | ૨૧૮ કીલો | ૨ કીલો વધ | પાવતી નં.૨૫૪૫/૯.૯.૧૦ – ૨ કીલો<br>પાવતી નં.૦૭૧/૩૦.૪.૨૦૧૧ – ૧૬ કીલો<br>ઉપરોક્ત બંને પાવતી રજીસ્ટરે ઉધારવાની રહી જતા ઘટ આવેલ છે. |
| ૩ | ગ્રીસ | ૩૭ કીલો | ૧૯ કીલો | ૧૮ કીલો ઘટ | |
| ૪ | બ્રેક ઓઈલ | ૫ ટીન | ૫ ટીન | – | |
| ૫ | હાઈડ્રોલીક ઓઈલ | ૧૦૫.૫ લીટર | ૧૦૨ લીટર | ૩.૫ લી. ઘટ | |

ઉપરોક્ત વિગતમાં મુખ્યત્વે ગ્રીસના જથ્થામાં ૧૮ કિલોની ઘટ જણાયેલ હતી. જે અંગે ઓડીટે વાંધો લેતા ના.કા. ઈજનેરશ્રી દ્વારા વર્કશોપ જા. નં. ૧૦૦, તા. ૨૧/૬/૨૦૧૧ના પત્રથી જણાયેલ છે કે (રીમાર્કસમાં દર્શાવેલ) બે પાવતી રજીસ્ટરમાં ઉધારવાની શરતચુકથી રહી ગયેલ હતી. ગીયર ઓઈલ, એન્જીન ઓઈલ અને હાઈડ્રોલીક ઓઈલ લીટરમાં માપવાના બદલે વજનમાં માપવામાં આવેલ છે. ઉપરાં ૪% હેન્ડલીંગ લોસ અને ૦.૭૫% ઈવાપરેશન લોસ ગણતરીમાં લેવામાં આવેલ નથી જેથી નજીવી ઘટ આવેલ છે.

શાખાના ઉપરોક્ત જવાબની ચકાસણી કરતા જણાયેલ છે કે વર્કશોપ દ્વારા સ્ટોકના હીશાબોની નીભાવણીની નિવારી શકાય તેવી ક્ષતિઓને કારણે તફાવત ઉપસ્થિત થયેલ હોય સૂચના પાઠવી પુર્તતા ગ્રાહ્ય કરેલી છે.

३:१६

# :: સેન્ટ્રલ સ્ટોર ::

## (સ્ટેશનરી)

*વિષય : સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) ની ભૌતીક ચકાસણી દરમ્યાન માલુમ પડેલ ક્ષતિઓ અંગે. (૨૦૧૦-૨૦૧૧)*

ઓડીટ શાખા દ્વારા સેન્ટ્રલ સ્ટોર (સ્ટેશનરી) ની ભૌતિક ચકાસણી તા. ૧૮/૩/૨૦૧૧ થી તા. ૨૩/૩/૨૦૧૧ દરમ્યાન હાથ ધરવામાં આવેલ જેમાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

૧. <u>સ્ટોક રજી. નહી નિભાવવા અંગે.</u>

આ સાથેના પત્રક નં.(૧) માં દર્શાવેલ આઈટમો ૧ થી ૫૭ માટે સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવતું નથી. એટલે કે માલની આવક જાવકની જમા કે ઉધારની નોંધ કરવામાં આવતી નથી. નવા વર્ષથી આ આઈટમોનું સ્ટોક રજીસ્ટર નિભાવવાનું શરૂ કરી/ઓડીટને જાણ કરવી.

૨. <u>વધતા જથ્થા અંગે.</u>

આ સાથેના પત્રક નં. (૨)માં દર્શાવેલ આઈટમો ૧ થી ૧૪માં સ્ટોક રજીસ્ટરમાં દર્શાવેલ જથ્થા કરતા મોટા પ્રમાણમાં વધતો જથ્થો જોવા મળેલ છે. આવું શા માટે બનેલ છે ? તેની સ્પષ્ટતા કરી અને જરૂરી કાર્યવાહી કરવી.

૩. <u>ઘટતા જથ્થા અંગે.</u>

પત્રક નં. (૩)માં દર્શાવ્યા મુજબ ૧ થી ૫ આઈટમમાં રજીસ્ટરમાં દર્શાવેલ જથ્થા કરતાં ઘટતો જથ્થો જોવા મળેલ છે તો આમ કેમ બનવા પામેલ છે. તેની તપાસ કરી ઓડીટને જાણ કરવી.

૪. દરેક નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ તા. ૩૦ મી જુન સુધીમાં રજીસ્ટર મુજબ માલ સામાનની સિલકની ભૌતિક ચકાસણી શાખાધિકારીશ્રીએ કરવી જોઈએ જે કરવામાં આવેલ નથી. નીયમીતતપણે ચકાસણી કરવામાં અને રજીસ્ટરમાં સહી સીક્કા કરવામાં આવે તો ઉપરોક્ત ક્ષતિઓ નિવારી શકાય. હવે પછી આનો અમલ કરી ઓડીટને જાણ કરવી.

૫. સિક્કા રજીસ્ટર નિયમાનુસાર નિભાવવામાં આવેલ નથી. તો વ્યવસ્થિત દરેક રજીસ્ટરની નોંધ કરી ઓડીટમાં રજૂ કરવું.

૬. ડેડ સ્ટોક રજીસ્ટરમાં સને ૨૦૦૨ પછી કોઈપણ પ્રકારની નોંધ થયેલ નથી તો તે પૂર્ણ કરી ઓડીટ ચકાસણી માટે રજૂ કરવું.

આમ ઓડીટ દ્વારા કુલ ૧૦૦ આઈટમોની ચકાસણી કરવામાં આવેલ જેમાં ફક્ત ૧૨ આઈટમો રજીસ્ટર મુજબ મળી રહે છે. ૫૭ આઈટમો માટે સ્ટોક રજી. નિભાવવામાં જ આવેલ નથી. ૧૪ આઈટમોમાં વધતો જથ્થો જોવા મળેલ છે. અને પાંચ આઈટમોમાં રજીસ્ટર કરતા ઘટતો જથ્થો જોવા મળેલ છે. અને ૧૨ આઈટમોનો સ્ટોક નીલ છે.

આમ ઓડીટ ચકાસણી દરમ્યાન જોવા મળેલ ઉપરોક્ત ક્ષતિઓની તાત્કાલીક પૂર્તતા કરી ઓડીટને જાણ કરવા વિનંતી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | – | હાજર પત્રક રજી. ૨૦૦ પાના | – | ૨૪ | ૨૪ | – |
| ૩૧ | – | લોગો પ્રિન્ટ સાથે બ્લેન્ક સ્ટેશનરી ટેક્સની | – | ૩૫૦૦૦ | ૩૫૦૦૦ | – |
| ૩૨ | – | ગુંદર બોટલ નાની | – | ૩૦+૩૮ | ૬૮ | – |
| ૩૩ | – | બોલપેનની રીફીલ આગલા વર્ષની | – | ૯૦૦ | ૯૦૦ | – |
| ૩૪ | – | બોલપેન આગલા વર્ષની | – | ૩૦ | ૩૦ | – |
| ૩૫ | – | કોમ્પ્યુટર ફાઈલ | – | ૯ | ૯ | – |
| ૩૬ | – | ડીઝલ બુક | – | ૧૧૮ | ૧૧૮ | – |
| ૩૭ | – | આઈ.ટી. ફોર્મ (ગણાતરી ફોર્મ) | – | ૯૦૦ | ૯૦૦ | – |
| ૩૮ | – | આઈ.ટી. ફોર્મ – ૧૬ | – | ૧૧૦૦ | ૧૧૦૦ | – |
| ૩૯ | – | એલ.પી.સી. ફોર્મ | – | ૯૦૦ | ૯૦૦ | – |
| ૪૦ | – | વીજીટીંગ સ્લીપ | – | ૨૫૦૦ | ૨૫૦૦ | – |
| ૪૧ | – | આઈ.ટી. ફોર્મ | – | ૫૦૦ | ૫૦૦ | – |
| ૪૨ | – | મુસા. ભથ્થા ફોર્મ | – | ૧૪૦૦ | ૧૪૦૦ | – |
| ૪૩ | – | ઈન્ક્રીમેન્ટ ફોર્મ | – | ૫૦૦ | ૫૦૦ | – |
| ૪૪ | – | અર્નેસ્ટમની રીફંડ ફોર્મ | – | ૫૦૦ | ૫૦૦ | – |
| ૪૫ | – | પરીપત્ર ફોર્મ | – | ૬૦૦ | ૬૦૦ | – |
| ૪૬ | – | સી.આર. રીપોર્ટ ફોર્મ નમુનો–૧ | – | ૧૦૦૦ | ૧૦૦૦ | – |
| ૪૭ | – | સી.આર. રીપોર્ટ ફોર્મ નમુનો–૨ | – | ૧૦૦૦ | ૧૦૦૦ | – |
| ૪૮ | – | મૃત્યુ નિવૃત્તિના ફોર્મ ગ્રેચ્યુટી માટે | – | ૫૦૦ | ૫૦૦ | – |
| ૪૯ | – | પ્રો. ફંડ નોમીનેશન ફોર્મ | – | ૨૦૦૦ | ૨૦૦૦ | – |
| ૫૦ | – | બીલ ફોર્મ પીળા | – | ૧૯૦૦ | ૧૯૦૦ | – |
| ૫૧ | – | બીલ ફોર્મ સફેદ | – | ૪૦૦ | ૪૦૦ | – |
| ૫૨ | – | ઝેરોક્ષ ફોર્મ | – | ૧૧૯૦૦ | ૧૧૯૦૦ | – |
| ૫૩ | – | પાકા પુઠાની ફાઈલ | – | ૫૨૨૫ | ૫૨૨૫ | – |
| ૫૪ | – | બ્લુ શાહીની શીશી | – | ૩૨૫ | ૩૨૫ | – |
| ૫૫ | – | બ્લુ સ્ટેમ્પ પેડ | – | ૧૦૫ | ૧૦૫ | – |
| ૫૬ | – | ટાચણી પેકેટ | – | ૩૪ | ૩૪ | – |
| ૫૭ | – | પંચ મશીન નાનું | – | ૧ | ૧ | – |

## રજીસ્ટર કરતા ખરેખર ઉપલબ્ધ જથ્થો વધારે જોવા મળેલ હોય તેવી આઈટમોની યાદી

### પત્રક-૨

| ક્રમ | રજી. પાના નં. | આઈટમનું નામ | રજી. મુજબ સ્ટોક | ખરેખર સ્ટોક | વધતો સ્ટોક |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૬ | કોરા કાગળ | ૨૨૮ ઘા | ૨૩૫ ઘા | ૭ ઘા |
| ૨ | – | આંકેલા કાગળ | ૩૯૪ ઘા | ૪૨૪ ઘા | ૩૦ ઘા |
| ૩ | ૬૯ | પાકા પુઠાની ફાઈલ | ૨૫૪૯ નંગ | ૨૮૭૫ નંગ | ૩૨૬ નંગ |
| ૪ | ૧૭૫ | પેપર વેઈટ | ૨૩ નંગ | ૨૪ નંગ | ૧ નંગ |
| ૫ | ૧૮૦ | સ્પંજ કપ | ૪૫ નંગ | ૪૬ નંગ | ૧ નંગ |
| ૬ | ૧૯૨ | લાલ ટેગ જુડી | ૩૧૦ | ૩૬૦ | ૫૦ |
| ૭ | ૨૨૪ | રબ્બર બેન્ડઝ પેકેટ | ૯૩ | ૯૬ | ૩ |
| ૮ | ૨૯૨ | નાના કવર | ૫૬૯૭ | ૬૮૫૦ | ૧૧૫૩ |
| ૯ | ૩૮૨ | મોટા સેલ | ૫ | ૬ | ૧ |
| ૧૦ | ૪૧૯ | લીગલ સાઈઝ કોમ્પ્યુટર પેપર FS | ૮૬ પેકેટ | ૮૭ પેકેટ | ૧ |
| ૧૧ | ૪૩૦ | જમ્બો સ્ટેપલર મશીન | ૨ | ૧૧ | ૯ |
| ૧૨ | ૪૩૮ | નાના સ્ટેપલર મશીન | ૮૫ | ૯૦ | ૫ |
| ૧૩ | ૪૪૨ | મોટા પીન પેકેટ | ૧૦૫ | ૧૦૯ | ૪ |
| ૧૪ | – | ૨૦૧૧ ની નવી ડાયરી | ૩૭ | ૬૫ | ૨૮ |

## રજીસ્ટર કરતા ખરેખર ઉપલબ્ધ જથ્થો ઘટતો જોવા મળેલ હોય તેવી આઈટમોની યાદી

### પત્રક-૩

| ક્રમ | રજી. પાના નં. | આઈટમનું નામ | રજી. મુજબ સ્ટોક | ખરેખર સ્ટોક | ઘટતો સ્ટોક |
|---|---|---|---|---|---|
| ૧ | ૮૧ | ફાઈલેશ લીલી દોરી | ૪૯૭ જુડી | ૪૪૪ જુડી | ૫૩ જુડી |
| ૨ | ૨૩૪ | દફતર બંધન | ૫૦૮ નંગ | ૪૯૧ નંગ | ૧૭ નંગ |
| ૩ | ૨૭૧ | મોટા કવર | ૫૬૩૧ | ૪૯૫૦ | ૬૮૧ |
| ૪ | ૨૮૨ | મીડીયમ કવર | ૬૨૮૨ | ૫૮૫૦ | ૪૩૨ |
| ૫ | ૪૪૫ | સ્ટેપલર પીન (નાની) પેકેટ | ૨ | – | ૨ |

# વિભાગ-૨

## પ્રકરણ-૪

### પ્રથમ વખત અમાન્ય કરેલ અને ત્યારબાદ પ્રોવિઝનલ (શરતી) પાસ કરેલ બીલોની યાદી

**૨૦૧૦ - ૧૧**

| ક્રમ | શાખાનું નામ | વિગત | બીલની રકમ રૂ. | પારા નં. | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧ | એસ્ટેટ | શ્રી સુરભીને રેસકોર્ષ ગ્રાઉન્ડની ડીપોઝીટ પરત આપવા અંગે. | ૫૦૦૦/- | ૪:૧૭ | ૩૮ |
| ૨ | ડ્રેનેજ | માધાપર STP માટે GPCB પાસેથી સી.સી. T.A. મેળવવા માટે કન્સલટન્સીના કામ અંગે. | ૧૦૦૦૦/- | ૪:૧૮ | ૩૯ |
| ૩ | હિશાબી | રેસકોર્સ ગ્રાઉન્ડની ડીપોઝીટ પરત ચુકવવા અંગે. | ૫૦૦૦/- | ૪:૧૯ | ૪૦ |
| ૪ | વોટર વર્કસ | માધાપર એસ.ટી.પી. ના ટ્રીટેડ વોટરની આવક અંગે. | - | ૪:૨૦ | ૪૧ |

**૨૦૧૧ - ૧૨**

| ક્રમ | શાખાનું નામ | વિગત | બીલની રકમ રૂ. | પારા નં. | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧ | વિજીલન્સ | હન્ટર સીક્યોરીટી ગાર્ડના માહે. નવે-૧૦ થી માર્ચ-૧૧ સુધીના બીલ અંગે. | ૧૮૩૪૫૮૦/- | ૪:૨૧ | ૪૨ |
| ૨ | એસ્ટેટ | વર્ગ-૪ના કર્મચારીઓના ચાર્જ લેવા અંગે. | | ૪:૨૨ | ૪૩ |

# :: એસ્ટેટ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૧૮૯૪૦ | તા. ૨૭-૧૨-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૮૭૬ | તા. ૧૬-૧૧-૧૦ |
| કુલ બીલની રકમ | : | ૫૦૦૦/- | |
| વાંધાપત્રક નંબર | : | ૧ | તા. ૩-૧-૧૧ |

*વિષય : શ્રી સુરભીને રેસકોર્ષ ગ્રાઉન્ડની ડીપોઝીટ પરત આપવાનું બીલ.*

રેસકોર્ષ ગ્રાઉન્ડ ભાડે આપવા માટે જ.બો.ઠ. નં. ૯, તા. ૨૦/૭/૦૯ માં એ થી એચ પ્લોટ નંબર અને તેનું ક્ષેત્રફળ દર્શાવેલ છે. તેનું ભાડું દર ૧૦૦૦ ચો.મી. ના રૂા. ૨૦૦૦/– દૈનિક દર + ૧૦% સરચાર્જ વસુલ કરવાનું મંજુર કરવામાં આવેલ છે.

દરેક પ્લોટનું ક્ષેત્રફળ હજારનાં પુર્ણાંકમાં નથી હજારના પુર્ણાંક બાદના વધારાના ક્ષેત્રફળનું ભાડું પછીના હજારનાં પુર્ણાંકમાં લેવાનું છે કે વરાડે થતી ગણતરી મુજબ ?

એસ્ટેટ શાખાએ આ અંગે બેવડુ ધોરણ રાખેલ હોય તેમ જણાય છે. તા. ૧૯/૧/૧૦ ના રોજ ગ્રાઉન્ડ ભાડે રાખનાર જે અરજદાર પાસે પ્લોટ નં. સી ના ૬૮૩૮ ચો.મી.નું ભાડું ૭૦૦૦ ચો.મી. ગણી વસુલ કરવામાં આવેલ છે જ્યારે આ બીલમાં અરજદાર પાસે પ્લોટ નં. બી નું ભાડું તેના કુલ ક્ષેત્રફળ ૯૪૪૪ મુજબ (૧૦૦૦ ચો.મી. ના રૂા. ૨૦૦૦/– તો ૧ ચો.મી. ના રૂા. ૨/– લેખે) વસુલ કરવામાં આવેલ છે આમ બે અલગ–અલગ ધોરણ રાખવામાં આવેલ છે.

જુના ભાડાના નિયમમાં દર હજાર ચો.મી. કે તેના ભાગ માટેનો ભાડાનો દર નક્કી થયેલ છે. આ નવા ભાડા દર માટે કયા પ્રકારની ગણત્રી પદ્ધતિ રાખવાની છે. તેનું જ.બો. ના ઠરાવ મુજબ જરૂરી અર્થઘટન સક્ષમ અધિકારીશ્રી દ્વારા કરાવવું. જે અર્થઘટન મુજબ જો ઓછું ભાડું વસુલ કરેલ હોય તો બાકીનું ભાડું અરજદાર પાસેથી વસુલ કરવું.

૪:૧૮

# :: ડ્રેનેજ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૧૯૭૪૦ | તા. ૭-૧-૧૧ |
| શાખા બીલ નંબર | : | ૬૧૫ | તા. ૭-૧-૧૧ |
| કુલ બીલની રકમ | : | ૧૦૦૦૦/- | |
| વાંધાપત્રક નંબર | : | ૬ | તા. ૧૫-૧૦-૦૭ |

વિષય : *માધાપર STP માટે GPCB પાસેથી સી.સી. આઠ–એ મેળવવા માટે કન્સલ્ટન્સીના કામનું બીલ.*

રા.મ.ન.પા./ડ્રેનેજ/જા.નં. ૩૨૨, તા. ૨૬/૧૦/૨૦૦૯ના કમિશ્નરશ્રીના હુકમ મુજબ ગુજરાત પ્રદેશના નિયંત્રણ બોર્ડ પાસેથી કોન્સોલીડેઈટેડ કોન્સેન્ટ ઠ. ઓથોરાઈઝેશન મેળવવા ઓનલાઈન કાર્યવાહી કરવા મે. બ્રાવીમ કન્સલ્ટન્સ એજન્સી રાજકોટને પાંચ વર્ષ માટે ફી પેટે રૂા. ૨૫૦૦૦/– ચૂકવવાનું મંજુર કરી તેમની સેવા લેવાનું મંજુર કરેલ છે.

રૂા. ૫૦૦૦/– થી વધુ રકમની કામગીરી / કામ વર્તમાન પત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવીને કરાવવાનું હોય છે. જે કાર્યવાહી કર્યા વગર સીધી આ એજન્સીને કામગીરી આપવામાં આવેલ છે. આ અંગે ઓડીટે વાંધો ઉપસ્થિત કરતા ના.કા.ઈ.શ્રીએ બીલ પ્રોવિઝનલ પાસ કરવા વિંતી કરેલ.

ઉપરોક્ત હકીકતે આ કામે વર્તમાન પત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવ્યા સીવાય, સી.ડી.ની રકમ જમા કરાવ્યા સીવાય, કરારનામુ કર્યા વગર આ કાર્યવાહી કરાવેલ છે તે અંગે સ્થાયિ સમિતિની મંજુરી મેળવી. રજુ કરવાની શરતે રજુ થયેલ બીલ પ્રોવિઝનલ પાસ કરેલ છે.

# :: હીશાબી શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૪૪૧૪ | તા. ૫-૬-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૨૪૨ | તા. ૫-૬-૧૦ |
| ઓડીટ બીલ નંબર (જુના) | : | ૬૬૪ | તા. ૧૯-૪-૦૮ |
| શાખા બીલ નંબર (જુના) | : | ૧૬૧ | તા. ૧૬-૪-૦૮ |
| બીલની રકમ | : | ૫૦૦૦/- | |

*વિષય : __રેસકોર્ષ ગ્રાઉન્ડની ડીપોઝીટ પરત ચુકવવાનું બીલ.__*

સદરહું બીલની તપાસણી કરતા જણાયેલ છે કે પ્રથમવાર આ બીલ તા. ૧૯–૪–૨૦૦૮ના રોજ ઓડીટ શાખામાં રજૂ કરવામાં આવેલ હતું. જે બીલ પાસ કરીને જે તે સમયે જ ઓડીટ શાખાએ ચૂકવણા પેટે હીશાબી શાખાને મોકલી આપેલ. પરંતુ હીશાબી શાખાએ સવા બે વર્ષ સુધી આ બીલનું ચૂકવણું કરેલ નહીં ત્યાર બાદ આજ બીલ ફરીથી તા. ૫–૬–૨૦૧૦ ના રોજ ઓડીટ શાખામાં રજૂ કરવામાં આવેલ છે. આટલો લાંબો સમય ચૂકવણું ન થતા ઓડીટ શાખાએ તે અંગે વાંધો લેતા હીશાબી શાખા તરફથી જવાબમાં જણાવેલ છે કે ડ્રોઈંગનાા સોફ્ટવેરમાં ખામીને કારણે આમ બનવા પામેલ છે. આ ખુલાશો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. ભવિષ્યમાં આવું ન બનવા પામે તે માટે હીશાબી શાખાને યોગ્ય સૂચનાઓ આપવા કમિશ્નરશ્રીને અનુરોધ છે.

૪:૨૦

# :: વોટર વર્કસ શાખા ::

રા.મ.ન.પા./ઓડીટ/જા.નં. ૫૯

*વિષય : માધાપર એસ.ટી.પી. ના ટ્રેટેડ વોટરની આવક અંગે.*

માધાપર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી પ્રાઈવેટ એજન્સી પાસે કરવાના કામની ફાઈલ (ડ્રેનેજ ફા.નં. ૫૯/૦૫/૦૬) ની પ્રિ–ઓડિટ ચકાસણી વખતે ટ્રિટેડ વોટર વિતરણથી આવક થશે પરંતુ કેટલી આવક થશે તે દર્શાવેલ ન હોય તેની વિગત આપવા વાંધો ઉપસ્થિત કરેલ જેના પ્રત્યુત્તરમાં પ્લાન્ટ પૂર્ણ ક્ષમતાથી કાર્યરત થશે ત્યારે પાણીનો જથ્થો (ટ્રીટેડ વોટર) અંગે ઈરીગેશનના દર મુજબ નિર્ણય કરવાનો થશે તેમ જણાવવામાં આવેલ ત્યારબાદ આ કામના રનીંગ બીલ વખતે પણ અત્રેના પત્ર નં. રા.મ.ન.પા./ઓડિટ/જા.નં. ૩૨૫, તા. ૧૪–૩–૨૦૦૫ થી ટ્રિટેડ વોટરનું યોગ્ય વિતરણ કરવાથી કરેલ ખર્ચનું વળતર મળે તો જ કોર્પોરેશનનું આર્થિક હિત જળવાઈ રહે.

ઉપરોક્ત મુદ્દા અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે જેની આજ સુધી કોઈ પ્રત્યુત્તર થઈ આવેલ નથી.

# :: વિજીલન્સ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૨૦૨૯ | તા. ૬-૫-૧૧ |
| શાખા બીલ નંબર | : | ૧૦૯ | તા. ૪-૫-૧૧ |
| કુલ બીલની રકમ | : | ૧૮૩૪૫૮૦/- | |
| વાંધાપત્રક નંબર | : | ૨ | તા. ૨૪-૫-૧૧ |

*વિષય : <u>હન્ટર સીક્યોરીટી ગાર્ડના માહે નવે.૧૦ થી માર્ચ-૧૧ સુધીના બીલ અંગે.</u>*

સ્થાયી સમિતિ ઠરાવ નં. ૫૯૦, તા. ૧૧/૩/૧૧ થી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હૈયાત એજન્સી પાસે કામ ચાલુ રાખવાની બહાલી આપવામાં આવેલ છે. આ ઠરાવની વહીવટી મંજુરી સામેલ રાખવા માટે બીલ વાંધામાં પરત કરેલ તેના જવાબમાં ‘‘નવા કોન્ટ્રાક્ટ અંગેની કાર્યવાહી ચાલુ હોય કમિશ્નરશ્રીની મંજુરી મળ્યેથી રજુ કરવામાં આવશે. હાલ બીલ પ્રોવિઝનલ પાસ કરવા વિનંતી’’ તેમ જવાબમાં જણાવેલ છે.

ઉપરોક્ત હકીકતે ઠરાવની વહીવટી મંજુરી મેળવી રજુ કરવાની શરતે આ બીલ પ્રોવિઝનલ પાસ કરવામાં આવેલ છે.

# :: એસ્ટેટ શાખા ::

રા.મ.ન.પા./ઓડીટ/જા.નં. ૭૨

*વિષય : વર્ગ-૪ના કર્મચારીઓના ચાર્જ એલા. બાબત.*

*વંચાણે : રામ્યુકો/એસ્ટેટા સેન્ટ્રલ ઝોન/૬૩૭. તા. ૩૦/૦૯/૧૧*

ઉપરોક્ત વિષય પરત્વેના આપના સંદર્ભમાં જણાવેલ પત્ર અન્વયે એસ્ટેટ વિભાગમાં વર્ગ-૪ની મજુર કક્ષાની જગ્યા પર ફરજ બજાવતા આપના પત્રમાં જણાવેલા ચાર કર્મચારીઓ પોતાની મૂળ કામગીરી ઉપરાંત ડ્રાયવરની કામગીરી બજાવતા હોવાથી તેઓને માસીક પગાર બીલેથી નિયમિતપણે ચાર્જ એલા.ની ચૂકવણી કરવામાં આવતી હોવાનું માહે સપ્ટેમ્બર-૨૦૧૧ની ચકાસણી દરમ્યાન ધ્યાને આવેલું હતું. આ ચૂકવણીના સંદર્ભમાં ઓડીટ તરફથી નીચે મુજબની જોગવાઈ ધ્યાને લઈ મૌખીક સૂચના આપી ચાર્જ એલા.ની ચૂકવણી આ મહીનાના બીલથી ન કરવા જણાવેલ હતું.

૧. ઉક્ત કર્મચારીઓને ડ્રાયવરની જગ્યા પર વધારાની ફરજ મૂળ કામગીરી ઉપરાંત સુપ્રત થયેલ હતી. પરંતુ એસ્ટેટ શાખાના સેટઅપમાં ડ્રાયવર કક્ષાની મંજુર થયેલી તમામ જગ્યા ભરાયેલી હતી. આ શાખાનાં નિયત થયેલા સેટઅપમાં ડ્રાયવર કક્ષાની કોઈપણ જગ્યા સપ્ટેમ્બર-૧૧ની સ્થિતિએ ખાલી ન હતી.

૨. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ ૪૯(૩) (III) અન્વયે કોઈપણ કર્મચારીને ૧૨ માસથી વધુ સમય માટે ચાર્જ એલા. મંજુર કરી શકાતુ નથી કે ચૂકવી શકાતું નથી. ઉપર જણાવેલી બાબતો તથા નિયમોની જોગવાઈ અન્વયે માહે નવેમ્બર-૧૧ના માસીક પગારેથી ચાર્જ એલા. આકારવા અંગે સૂચના પાઠવેલ હતી જે હકીકત ધ્યાને લેવા તથા ઉક્ત જોગવાઈનો અમલ આપની કક્ષાએથી કરવા વિનંતી છે.

**નકલ રવાના :**

(૧) આસી. મેનેજરશ્રી (મહેકમ)

ઉપર જણાવેલા પત્રની વિગતો ધ્યાને લઈ સંબંધિત શાખાઓને ખાલી જગ્યા/રજાઓ દરમ્યાન ચાર્જ એલા. મંજુર કરવા અંગે જી.સી.એસ.આર. પગાર નિયમો ૨૦૦૨ ની જોગવાઈઓ/પત્રની હકીકત પરત્વે અમલ કરવા પરિપત્ર પાઠવવા ઓડિટ અનુરોધ છે.

પ:૨૩

# વિભાગ-૨

## પ્રકરણ-પ

### અટકાવેલ સંભવિત ઓવર પેમેન્ટ

### :: અસરકારક પ્રિ-ઓડિટના અંકુશથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ અંગે ::

પ્રિ-ઓડિટ કરતી વખતે જુદી-જુદી શાખાઓમાંથી રજૂ થયેલ બીલોમાં કેટલાકમાં ગણતરી ભૂલ, સરવાળા ભૂલ કે રકમની મળવાપાત્રતા અંગેની ભૂલો માલુમ પડેલી, જેથી ઓડિટ વાંધા ઉપસ્થિત કરી બીલો પરત કરાયેલ હતા. ઓડિટે દર્શાવેલી ભૂલો સાથે શાખાધિકારી સહમત થયેલ અને જે-તે બીલમાં રકમ ઘટાડીને બીલ સુધારી મોકલેલ હતા. અને તે રીતે વધુ આકારાયેલ રકમનું ઓવર પેમેન્ટ થતું અટકી જવા પામ્યું હતું.

આ અહેવાલના સમયગાળા દરમ્યાન સામેલ પત્રક મુજબ ગણનાપાત્ર ખાસ્સી મોટી નીચે દર્શાવેલ રકમ જેટલું ઓવર પેમેન્ટ ઓડીટ અંકુશથી અટકી જવા પામેલ, અને તે રીતે ઓડિટ વિભાગે કોર્પોરેશનનું આર્થિક હિત જાળવવામાં ગણતાપાત્ર સહયોગ આપ્યો છે. આ તબક્કે સ્થાયિ સમિતિના ધ્યાન ઉપર મુકીએ છીએ.

| | |
|---|---|
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૨૯૭૨૪૭/- |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૪૦૨૩૯૬/- |

શાખાધિકારી તથા શાખાના હિશાબનીશો બીલ તૈયાર કરવામાં પુરતી કાળજી રાખે તો આવા કિસ્સાઓ ઓછા થશે તે માટે યોગ્ય કરવા કમિશ્નરશ્રીને અનુરોધ કરવામાં આવે છે. અને જ્યાં મોટી રકમોની ખોટી રીતે આકારણી થઈ ગયેલ છે ત્યાં જરૂરી તપાસ કરાવીને આવી બેદરકારી બદલ જવાબદારી મુકરર કરવાની કાર્યવાહી કરવા વિનંતી છે.

## વિભાગ-૨
## પ્રકરણ-૫
### અટકાવેલ સંભવીત ઓવર પેમેન્ટ અંગે
### ૨૦૧૦ - ૧૧

| ક્રમ | શાખાનું નામ | વિગત | રીકવરીની રકમ રૂા. | પાના નં. |
|---|---|---|---|---|
| ૧ | બાંધકામ | વોર્ડ નં. ૧૨માં ટી.પી.-૪ રૈયામાં આવાસ યોજનાનું સર્વિસ ટેક્સ ચુકવવાનું બીલ. | ૨,૪૫,૪૪૨/- | ૪૯ |
| ૨ | બાંધકામ | વેસ્ટ ઝોનમાં રસ્તા પેવર ફીનીસરથી રીકાર્પેટ કરવાના કામનું ચોથું રનીંગ બીલ. | ૨,૨૨,૦૨૫/- | ૫૦ |
| ૩ | બાંધકામ | જુદા જુદા વિસ્તારોમાં પેવર ફીનીસરથી ડામર કાર્પેટ કરવાનું કામ. | ૩,૧૬,૫૪૪/- | ૫૧ |
| ૪ | બાંધકામ | સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડના રસ્તાઓ પેવર કાર્પેટ કરવાનું કામ. | ૬૦,૨૧૦/- | ૫૨ |
| ૫ | બાંધકામ | કીડની હોસ્પી.થી રૈયાગામ તરફ જતા રસ્તા ઉપર ડીવાઈડર બનાવવાનું કામ. | ૪૬,૭૮૬/- | ૫૩ |
| ૬ | બાંધકામ | બાબરીયા આવાસ યોજના ફરતે કમ્પાઉન્ડ વોલ કરવાનું કામ. | ૪૧,૫૮૮/- | ૫૪ |
| ૭ | બાંધકામ | વેસ્ટ ઝોનમાં રસ્તા પેવરથી રીકાર્પેટ કરવાનું કામ. | ૨૦,૧૧૫/- | ૫૫ |
| ૮ | બાંધકામ | સૌ.યુનિ. સોસાયટીમાં મેટલીંગ કરવાનું કામ | ૧૮,૩૭૫/- | ૫૬ |
| ૯ | બાંધકામ | વેસ્ટ ઝોનમાં પેવરથી રસ્તા રીકાર્પેટ કરવાનું ત્રીજુ રનીંગ બીલ | ૧૫,૨૬૬/- | ૫૭ |
| ૧૦ | બાંધકામ | વાણીયાવાડી ૧/૯ માં ત્રી.કા. લાદી નાખવાનું કામ. | ૧,૯૩૪/- | ૫૮ |
| ૧૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | પઠાણ ગફારભાઈ (મજુર)નું હક્ક રજા તફાવતનું બીલ. | ૭૫,૫૨૦/- | ૫૯ |
| ૧૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | સી.બી. બથવારને હક્ક રજા તફાવતની રકમ ચુકવવા અંગે. | ૩૨,૪૨૮/- | ૬૦ |
| ૧૩ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | સખી મંડળો દ્વારા કચરો એકઠો કરવાના કામના બીલ અંગે. | ૪,૪૧૭/- | ૬૧ |
| ૧૪ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ફુડ એડ. ના બીલ અંગે. | ૫૫,૦૦૦/- | ૬૨ |

| ક્રમ | શાખાનું નામ | વિગત | રીકવરીની રકમ રૂા. | પાના નં. |
|---|---|---|---|---|
| ૧૫ | ડ્રેનેજ શાખા | વોર્ડ નં. ૨૨માં ડ્રેનેજ લાઈન હા.કને. કરવાનું કામ. | ૪૩,૭૧૯/- | ૬૩ |
| ૧૬ | ડ્રેનેજ શાખા | વોર્ડ નં. ૨૨માં ભૂગર્ભ ગટર બનાવવાનું કામ | ૨૦,૫૮૦/- | ૬૪ |
| ૧૭ | ડ્રેનેજ શાખા | મવડી પમ્પીંગ સ્ટેશનની મશીનરી ચલાવવાનું કામ. | ૧૩,૧૯૮/- | ૬૫ |
| ૧૮ | વિજીલન્સ | ગોપાભાઈ મનજીભાઈ સોલંકીનું હક્ક રજાનું બીલ. | ૧૭,૨૮૯/- | ૬૬ |
| ૧૯ | વોટર વર્કસ | રૈયાધાર પમ્પીંગ મશીનરીનું બીલ | ૧૬,૭૦૦/- | ૬૭ |
| ૨૦ | વોટર વર્કસ | વોટર વર્કસના કર્મચારીઓને વાહન એલા. આપવા અંગે. | ૨,૯૩૧/- | ૬૮ |
| ૨૧ | વર્કશોપ | કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના પ્રથમ હપ્તાની રકમ ચૂકવવા અંગે. | ૧૨,૧૨૫/- | ૬૯ |
| ૨૨ | વેરા વસુલાત | જે.કે. પરમારને નવ દિવસનો પગાર કપાત થતા | ૬,૦૯૩/- | ૭૦ |
| ૨૩ | વેરા વસુલાત | વી.એ. વાઘેલાના પગાર બીલ અંગે. | ૩,૮૭૫/- | ૭૧ |
| ૨૪ | વેરા વસુલાત | ફેબ્રુ.-૧૧ના પગાર બીલ અંગે. | ૧,૯૪૨/- | ૭૨ |
| ૨૫ | ગાર્ડન | ગાર્ડન સુપ્રી.ના નિવાસસ્થાનના ફોનના બીલ અંગે. | ૨,૧૪૫/- | ૭૩ |
| ૨૬ | માર્કેટ શાખા | સવિતાબેન વિઠ્ઠલભાઈ સ.કા. ને મેડીકલ સહાય અંગે. | ૧,૦૦૦/- | ૭૪ |
| | | કુલ | ૧૨,૯૭,૨૪૭/- | |

**૨૦૧૦ - ૧૨**

| ક્રમ | શાખાનું નામ | વિગત | રીકવરીની રકમ રૂા. | પાના નં. |
|---|---|---|---|---|
| ૧ | ફાયર બ્રીગેડ | શ્રી આર. કે. મહેશ્વરીનું ગ્રેચ્યુટી બીલ | ૧,૧૦,૨૪૨/- | ૭૫ |
| ૨ | ફાયર બ્રીગેડ | શ્રી અરવિંદભાઈ ચનીયારાનો રીસ્પોન્સન પીરીયડ રેગ્યુલાઈઝ તથા પગાર તફાવત બીલ. | ૫૯,૦૪૨/- | ૭૬ |
| ૩ | ફાયર બ્રીગેડ | ફાયર સ્ટેશનના ટેલી. બીલ અંગે. | ૧૬,૬૮૬/- | ૭૭ |
| ૪ | બાંધકામ | સેન્ટ્રલ ઝોન હસ્તકના વર્ષ : ૧૧-૧૨ પેવર એક્શન પ્લાનનું બીલ. | ૯૫,૯૩૪/- | ૭૮ |

| ક્રમ | શાખાનું નામ | વિગત | રીકવરીની રકમ રૂા. | પાના નં. |
|---|---|---|---|---|
| ૫ | બાંધકામ | વેસ્ટ ઝોન વિસ્તારમાં પેવરથી રસ્તા કરવાનું કામ. | ૬૦,૨૬૯/- | ૭૯ |
| ૬ | બાંધકામ | GSPC ગેસ કંપનીના ડીપા. વર્કના ચરેડા કરવાનું કામ. | ૩૨,૨૬૪/- | ૮૦ |
| ૭ | બાંધકામ | રૈયા ચોકડીથી ગામ તરફના વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ કેસનું કામ | ૧૧,૩૧૯/- | ૮૧ |
| ૮ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | હીરુબેન કરશનભાઈના ગ્રેચ્યુટી બીલ અંગે | ૬૪,૭૮૦/- | ૮૨ |
| ૯ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | જી.ડી. જોષીને રીવાઈઝ પેન્શન ચૂકવવા અંગે. | ૩૪,૮૦૮/- | ૮૩ |
| ૧૦ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ડ્રેનેજ વિભાગના પમ્પીંગ સ્ટેશન ઉપર રીપેરીંગ કામ અંગે. | ૪,૯૪૭/- | ૮૪ |
| ૧૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ગાર્બેજ કલેક્શન કામગીરીનું જાન્યુ.-૧૨નું બીલ | ૨,૨૭૯/- | ૮૫ |
| ૧૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | રસ્તાઓની સફાઈનું માહે જાન્યુ.-૧૨નું બીલ | ૧,૪૭૩/- | ૮૬ |
| ૧૩ | જે.એન.એન. યુ.આર.એમ. | મે. રણજીત બિલ્ડ કોન બી.આર.ટી.એસ. ઓવરબ્રીજનું ફાઈનલ બીલ | ૪,૭૦,૬૨૧/- | ૮૭ |
| ૧૪ | ગાર્ડન શાખા | ટ્રાફીક ડીવાઈડર સાફ કરવાના કામે મજુર સપ્લાયનું બીલ. | ૩,૫૨,૦૬૨/- | ૮૮ |
| ૧૫ | ગાર્ડન શાખા | સુનીલભાઈ વી. કણજારીયા ગ્રેડ પે એરીયર્સ ચુકવવા અંગે. | ૧૬,૦૦૦/- | ૮૯ |
| ૧૬ | વેરા વસુલાત | કે. જે. મોરજરીયાની લેણી હક્ક રજાનું રોકડમાં રૂપાંતરનું બીલ. | ૧૫,૨૧૩/- | ૯૦ |
| ૧૭ | વેરા વસુલાત | આર.ડી. સુવાગીયાને ચાર્જ એલા. અંગે. | ૭,૩૯૮/- | ૯૧ |
| ૧૮ | વેરા વસુલાત | હસમુખભાઈ કાપડીયાને મોબા. એલા. રીકવર કરવા અંગે. | ૨,૪૦૦/- | ૯૨ |
| ૧૯ | ડ્રેનેજ શાખા | રૈયા રોડ/કાલાવડ રોડ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનની મશીનરી ચલાવવા કામનું જાન્યુ.-૨૦૧૨નું બીલ | ૧૩,૮૬૩/- | ૯૩ |

| ક્રમ | શાખાનું નામ | વિગત | રીકવરીની રકમ રૂ. | પાના નં. |
|---|---|---|---|---|
| ૨૦ | ડ્રેનેજ શાખા | વોર્ડ નં. ૧૬/૧૭ ડ્રેનેજ ફ. નિકાલ કામની જાગૃતિ કન્સ્ટ્ર.ની અર્નેષ્ટ મની જપ્ત કરવાનું કામ. | ૫,૯૭૫/- | ૯૪ |
| ૨૧ | જગ્યા રોકાણ | શ્રી એલ. આર. ચૌહાણને પત્નીની સારવાર અંગે. | ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૨૨ | જી.એ.ડી. | કમિશ્નરશ્રીના નિવાસ સ્થાનનું ટાટા સ્કાયનું રીચાર્જનું બીલ. | ૯,૦૦૦/- | ૯૬ |
| ૨૩ | વોટર વર્કસ | ડે. એન્જી. કે. એલ. ગોહેલના એલ.ટી.સી. બીલ અંગે. | ૩,૩૨૧/- | ૯૭ |
| ૨૪ | સે. સ્ટોર (સ્ટેશનરી) | કર્મચારીઓને ફુડ એડ. આપવા અંગે. | ૨,૫૦૦/- | ૯૮ |
| | | કુલ રૂ. | | |

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૧૦૨૯૧ | તા. ૩૦–૮–૧૦ |
| શાખા બીલ નંબર | : | ૧૩૯ | તા. ૨૭–૮–૧૦ |
| બીલની કુલ રકમ | : | ૧૧૬૨૩૪૯/– | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૯૧૬૯૦૭/– | |
| રીકવર થયેલ રકમ | : | ૨૪૫૪૪૨/– | |

*વિષય : <u>વોર્ડ નં. ૧૨ માં ટી.પી. ૪ રૈયામાં આવાસ યોજનાનું સર્વીસ ટેક્સ ચૂકવવાનું બીલ.</u>*

બાંધકામ શાખા તરફથી ઉપરોક્ત કામનું બીલ રજુ થયેલ હતું. જે બીલમાં સર્વિસ ટેક્સ મૂળ રકમ ઉપર ગણેલ હતો. ખરેખર ચેકની રકમ ઉપર ગણવાનો છે. તેમજ ખર્ચ મંજુરીથી વધારે રકમનું બીલ રજુ કરેલ છે. જે અંગે ઓડીટે વાંધો લેતા બાંધકામ શાખા તરફથી બીલ સુધારીને રજુ કરતા તે પાસ કરેલ છે.

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૨૭૬૪ | તા. ૧૧-૫-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૨૩૨ | તા. ૭-૫-૧૦ |
| બીલની કુલ રકમ | : | ૫૫૦૮૬૫૫/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૫૨૮૬૬૩૦/- | |
| રીકવર થયેલ રકમ | : | ૨૨૨૦૨૫/- | |

*વિષય : વેસ્ટ ઝોનમાં રસ્તા પેવર ફીનીસરથી રીકાર્પેટ કરવાના કામનું ચોથું રનીંગ બીલ.*

આ કામના કોન્ટ્રાક્ટની વધારાની શરત મુજબ કમિશ્નરશ્રીના હુકમ મુજબ રનીંગ બીલ નંબર-૩ માં ડામરનું પ્રમાણ ઓછું આવતા બીલમાંથી રૂા. ૨,૨૨,૦૨૪-૯૭ બાદ કરેલ. આ બીલમાં બીલ ફોર્મ/ એબસ્ટ્રેકમાં તે રકમની કપાતમાં અસર આપવામાં આવેલ નહીં જેથી તે રકમ ચુકવાતી હતી. જે અંગે ઓડિટ તરફથી વાંધો ઉપસ્થિત કરવામાં આવતા બાંધકામ શાખાએ વાંધો માન્ય રાખી બીલમાંથી વાંધાની રકમ બાદ કરી બીલ સુધારીને રૂા. ૫૨,૮૬,૬૩૦/- નું રજુ કરતા સુધારેલ બીલ પાસ કરવામાં આવેલ છે.

## :: બાંધકામ શાખા ::

| ક્રમ | ઓડીટ બીલ નં. તા. | શાખા બીલ નં. તા. | બીલની કુલ રકમ રૂા. | સુધારીને રજુ થયેલ બીલની | રીકવર થયેલ બીલની રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૪૦૭૫ ૭/૩/૧૧ | ૧૯૯૨ ૪/૩/૧૧ | ૬૫૩૯૪૦ | ૫૭૩૪૨૫ | ૮૦૫૧૫/- |
| ૨. | ૨૪૦૭૭ ૭/૩/૧૧ | ૧૯૯૦ ૪/૩/૧૧ | ૧૦૭૮૯૮૨ | ૧૦૨૬૨૬૧ | ૫૨૭૨૧/- |
| ૩. | ૨૪૦૯૭ ૭/૩/૧૧ | ૧૯૯૪ ૪/૩/૧૧ | ૧૭૫૨૯૨૧ | ૧૫૬૯૬૧૩ | ૧૮૩૩૦૮/- |
| | | | | | ૩,૧૬,૫૪૪/- |

*વિષય : જુદા જુદા વિસ્તારોમાં પેવર ફીનીસરથી ડામર કાર્પેટ કરવાનું કામ.*

રજુ થયેલ ઉપરોક્ત બીલની ચકાસણી કરતા આ કામના પ્રથમ રનીંગ બીલમાંથી ટેકકોટ કવર એરીયાની કપાત, સ્ટાર રેઈટની કપાત તથા સેમ્પલ ફેઈલની કપાત બીલ ફોર્મમાં આજની તારીખથી કુલ રકમમાંથી કપાત દર્શાવેલ ન હતી જે અંગે ઓડિટ તરફથી વાંધો ઉપસ્થિત કરવામાં આવેલ. જે વાંધો બાંધકામ શાખાએ ગ્રાહ્ય રાખી બીલમાંથી વાંધાની રકમ બાદ કરી બિલ્સ સુધારીને રજુ કરતા સુધારેલ બીલ્સ પાસ કરેલ છે.

## :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૨૩૪૨૫ | તા. ૨૪-૨-૧૧ |
| શાખા બીલ નંબર | : | ૨૨૨૨ | તા. ૨૪-૨-૧૧ |
| બીલની કુલ રકમ | : | ૧૪૪૮૧૯૨/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૧૩૮૭૯૮૨/- | |
| રીકવર થયેલ રકમ | : | ૬૦૨૧૦/- | |

*વિષય :* *<u>સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડના રસ્તાઓને સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે પેવરથી કાર્પેટ કરવાનું કામ.</u>*

બીલની ચકાસણી કરતા આગલા રનીંગ બીલમાંથી સેમ્પલ ફેઈલની કપાત કરેલ રકમ બીલ ફોર્મ અને એમ.બી. ના એબસ્ટ્રેક્ટમાં આજની તારીખની કુલ રકમમાં લેવામાં આવેલ ન હતી તેમજ સ્ટાર રેઈટ અને ટેકટોક કિડે. ની ગણતરીમાં ભૂલ હતી જે અંગે ઓડીટ વાંધો લેતા બીલમાંથી વાંધાની રકમ રૂા. ૬૦૨૧૦/- બાદ કરીને બીલ સુધારીને રૂા. ૧૩૮૭૯૮૨/- નું રજુ કરતા બીલ પાસ કરેલ છે.

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૨૬૪૭૩ | તા. ૩૧-૩-૧૧ |
| શાખા બીલ નંબર | : | ૨૧૩૦ | તા. ૩૧-૩-૧૧ |
| બીલની કુલ રકમ | : | ૯૩૫૭૨૭/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૮૮૮૯૪૧/- | |
| રીકવર થયેલ રકમ | : | ૪૬૭૮૬/- | |

*વિષય : <u>વોર્ડ નં. ૧૨ માં કીડની હોસ્પિટલમાંથી રૈયા ગામ તરફ જતા ૩૪ મીટર રસ્તા ઉપર ડીવાઈડર બનાવવાનું કામ.</u>*

બાંધકામ શાખા તરફથી ઉપરોક્ત કામનું બીલ રજુ થયેલ હતું. જે બીલમાંથી રનીંગ બીલના ૫% કપાત કરવાના થતા હોય તે બાદ કરેલ ન હતા જે અંગે ઓડીટ શાખા તરફથી વાંધો લેતા રનીંગ બીલનાં ૫% રૂા. ૪૬૭૮૬-૦૦ બાદ કરી સુધારેલ બીલ રજુ થતા જે બીલ પાસ કરેલ છે.

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૯૩૩૨ | તા. ૧૬-૮-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૯૧૨ | તા. ૫-૮-૧૦ |
| બીલની કુલ રકમ | : | ૮૦૧૩૨૬/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૯૫૯૭૩૮/- | |
| રીકવર થયેલ રકમ | : | ૪૧૫૮૮/- | |

*વિષય : <u>બાબરીયા આવાસ યોજના ફરતે કમ્પાઉન્ડ વોલ કરવાનું કામ.</u>*

રજુ થયેલ ઉપરોક્ત બીલના મેજરમેન્ટ બુકમાં નોંધવામાં આવેલ મેજરમેન્ટની ચકાસણી કરતા આ. ૧ માં હિસાબી ભૂલ જણાયેલ જે અંગે ઓડિટે વાંધો ઉપસ્થિત કરી બીલ પરત મોકલતા બાંધકામ શાખાએ વાંધો માન્ય રાખી બીલમાંથી વાંધાની રકમ રૂા. ૪૧૫૮૮/- બાદ કરી બીલ સુધારીને રૂા. ૭૫૯૭૩૮/- નું રજુ કરતા સુધારેલ બીલ પાસ કરેલ છે.

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૮૨૬૦ | તા. ૩૧-૭-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૬૬૨ | તા. ૩૦-૭-૧૦ |
| બીલની કુલ રકમ | : | ૭૭૬૨૯૫૭/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૭૭૪૨૮૪૨/- | |
| રીકવર થયેલ રકમ | : | ૨૦૧૧૫/- | |

*વિષય : <u>૨૦૦૯-૧૦ ના વર્ષો માટે વેસ્ટ ઝોનમાં રસ્તા પેવરની રીકાર્પેટ કરવાના કામનું ૬ ઠું રનીંગ બીલ.</u>*

રજુ થયેલ બીલની ચકાસણી કરતા એમ.બી. ના મેજરમેંટમાં દર્શાવેલ વજનની વજન ચીઠ્ઠી સાથે ચકાસણી કરતા તેમજ ઓછા ડામર વપરાશના વીજી. (ટેક્.) ના રીપોર્ટ અનુસાર કમિશનરશ્રીના હુકમ મુજબ કરેલ કપાતની ગણાત્રીમાં ભૂલ જણાયેલ જે અંગે ઓડીટ તરફથી વાંધો ઉપસ્થિત કરવામાં આવેલ જે વાંધો બાંધકામ શાખાએ માન્ય રાખી બીલમાંથી વાંધાની રકમ રૂા. ૨૦,૧૧૫/- બાદ કરી સુધારેલ બીલ રૂા. ૭૭,૪૨,૮૪૨/- નું રજુ કરતા તે બીલ પાસ કરેલ છે.

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૬૪૮૬ | તા. ૯-૭-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૪૬૭ | તા. ૭-૭-૧૦ |
| બીલની કુલ રકમ | : | ૩૨૪૨૮૩/- | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : | - | |
| રીકવર થયેલ રકમ | : | ૧૮૩૭૫/- | |

*વિષય : <u>વોર્ડ નં. ૧૨ માં સૌરાષ્ટ્ર યુનિ. કર્મચારી સોસા. માં મેટલીંગ કરવાનું કામ.</u>*

બાંધકામ શાખા તરફથી ઉપરોક્ત કામનું બીલ રજુ થયેલ હતું જે બિલમાં સી.ડી. ની રકમ કપાત રેલ ન હતી. જે બાબતે ઓડીટે શાખા તરફથી વાંધો લેતા સી.ડી.ની રકમ રૂા. ૧૮૩૭૫/- કપાત કરી બીલ રજુ કરતા જે બીલ પાસ કરેલ છે.

## :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૧૨૨૯ | તા. ૨૭-૪-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૯૦ | તા. ૧૩-૪-૧૦ |
| બીલની કુલ રકમ | : | ૪૬૭૬૯૩૯/- | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : | ૪૬૬૧૬૭૩/- | |
| રીકવર થયેલ રકમ | : | ૧૫૨૬૬/- | |

*વિષય : <u>વેસ્ટ ઝોનમાં પેવરથી રસ્તા રીકાર્પેટ કરવાનું ત્રીજું રનીંગ બીલ.</u>*

રજુ થયેલ બીલની ચકાસણી કરતાં અ.નં. ૪ નો આગલો જથ્થો દર્શાવવામાં તેમજ સેમ્પલ ફેઈલની કપાતમાં તેમજ તા. ૨૩/૩/૧૦ ના સીલકોટ અને S.D.B.C. નો જથ્થો દર્શાવવામાં ભૂલ જણાયેલ જે અંગે ઓડિટ તરફથી વાંધો ઉપસ્થિત કરવામાં આવેલ છે. વાંધો બાંધકામ શાખા (W.Z.) એ માન્ય રાખી બીલમાંથી વાંધાની રકમ રૂા. ૧૫૨૬૬/- બાદ કરી બીલ સુધારીને રૂા. ૪૬૬૧૬૭૩/- નું રજુ કરતાં સુધારેલ બીલ પાસ કરવામાં આવેલ છે.

# :: બાંધકામ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૨૬૪૫૪ | તા. ૩૦-૩-૧૧ |
| શાખા બીલ નંબર | : | ૨૪૭૫ | તા. ૨૮-૩-૧૧ |
| બીલની કુલ રકમ | : | ૧૬૭૮૭/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૧૪૮૫૩/- | |
| રીકવર થયેલ રકમ | : | ૧૯૩૪/- | |

*વિષય : વોર્ડ નં. ૧૯ વાણીયાવાડી ૧/૯ માં પ્રી.કા. લાદી નાખવાનું કામ.*

રજુ થયેલ ઉપરોક્ત બીલમાં મેજરમેન્ટમાં ભૂલ હોવાથી ઓડીટ દ્વારા વાંધો લેતા શાખા દ્વારા માન્ય રાખી બીલ સુધારીને રૂા. ૧૪૮૫૩/- અંકે ચૌદ હજાર આઠસો ત્રેપન પુરાનું રજુ થતાં પાસ કરેલ છે.

# :: સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૧૭૭૮ | તા. ૧૮-૧૨-૧૦ |
| શાખા બીલ નંબર | : | ૧૭૨૫ | તા. ૨૦-૧૨-૧૦ |
| બીલની કુલ રકમ | : | ૯૦૪૬૦/- | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
| બીલની રકમ | : | ૧૪૯૪૦/- | |
| રીકવર થયેલ રકમ | : | ૭૫૫૨૦/- | |

*વિષય : <u>પઠાણ ગફારભાઈ (મજુર)નું હક્ક રજા તફાવત બીલ.</u>*

સો.વે.મે. (કન્ઝરવન્સી) ના મજુર પઠાણ ગફારભાઈની લેણી નિકળતી હક્ક રજાનું પાંચમાં પગારમાંથી છઠ્ઠા પગાર પંચમાં રીવાઈઝ થતા હક્ક રજાનું તફાવતી રૂા. ૯૦૪૬૦/- નું બીલ રજુ કરવામાં આવેલ.

રજુ થયેલ બીલમાં મજકુર કર્મચારીને અગાઉ હક્ક રજાની ચૂકવેલ બીલની રકમ રૂા. ૭૫૫૨૦/- બાદ કર્યા વગર ઓડીટમાં રજુ કરવામાં આવેલ. આ અંગે ઓડીટ શાખાએ વાંધો ઉપસ્થિત કરતા શાખાધિકારીશ્રી દ્વારા ઓડીટ વાંધો ગ્રાહ્ય રાખીને બીલ સુધારીને રજુ કરતા ઓડીટ શાખા દ્વારા બીલ મંજુર કરવામાં આવેલ.

| | |
|---|---|
| બીલની મુળ રકમ | રૂા. ૯૦૪૬૦/- |
| સુધારીને રજુ થયેલ | રૂા. ૧૪૯૪૦/- |
| રીકવરી | રૂા. ૭૫૫૨૦/- |

# :: સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ::

| | | | |
|---|---|---|---|
| ઓડીટ બીલ નંબર | : | ૧૨૯૮ | તા. ૨૬–૧૦–૧૦ |
| શાખા બીલ નંબર | : | ૧૨૯૮ | તા. ૨૬–૧૦–૧૦ |
| બીલની કુલ રકમ | : | ૮૨૨૩૮/– | |
| સુધારા બાદ રજુ થયેલ | | | |
